# વાયડામિત્ર

વર્ષ : ૯૯ અંક : ૭ જુલાઈ – ૨૦૨૧

કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)

Happy RathYatra



Rangoli By Dr. Priyanshi Jayesh Parikh

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

**Trupti Rajendra Shah**
**Rahul Shah**

**Bipin Shah**
**Geeta Shah**
**Dhaval Shah**

**Jitendra Shah**
**Sunita Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

જુલાઈ - ૨૦૨૧, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૯, અંક–૭

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ



| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/–

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ–મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના  જય શ્રી કૃષ્ણ.

## માસ્કની આત્મકથા



હે ભગવાન, આ કોરોના ક્યારે જાશે ?
    ક્યારે મને લોકોથી મુક્તિ મળશે ?

પહેલા ખાલી ડોકટરો જ કરતાં મારો ઉપયોગ,
    હવે બધાના મોઢા પર છુ હું, આ તે કેવો સંયોગ.

કોઈક મને ફેંકી દઈ મારાથી વધારે ગંદગી,
    તો કોઈક મને ધોઈને આપે નવી જીંદગી.

મારો કચરો ફેંકવાથી જળ થયા દુષિત,
    પોતાના શહેરને સ્વચ્છ રાખવાની આ તે કેવી રીત.

હું મોંઢા પર ન હોંઉ તો લાગે દંડ મોટો,
    લોકોને સમજાવવા માટેનો આ તરીકો છે ખોટો.

મારા રૂપ બદલી – બદલીને લોકો પાડે જાતજાતનાં ફોટા,
    હું છું સાવ સસ્તો તોયે ભાવ લાગે મારા મોટા.

ગર્વ છે મને કે હું લોકોને કોરોનાથી આપું છું રક્ષણ,
    તોય લોકોને કોરોના થવાનો ડર લાગે છે ક્ષણે ક્ષણ.

હું તમને વિનંતી કરું છું કે મફતમાં કરો મારું વિતરણ,
    કારણકે પૈસાના અભાવે નથી ખરીદી શકતા મને દરેક જણ.

કોરોનાથી બચવા મારી સાથે રાખો આ તકેદારી સદંતર,
    માસ્ક, સેનિટાઈઝર અને એકબીજાથી રાખો બે ફુટનું અંતર.

**– માન્ય અતુલ પરીખ**

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# Plastic Waste Management



India has witnessed a substantial growth in the production of plastics and an increased consumption of plastic. India generates 15 million tonnes of plastic waste every year but only one fourth of this is recycled due to lack of a functioning solid waste management system. This leads to burden on the landfills and poor socio-economic conditions of the waste pickers, mostly women and potentially impact the health of people.

Plastic pollution is damaging our environment rapidly. Waste plastic material is hard to dispose and contributes to major pollution on earth. This has become a cause of global concern.

Waste plastic thrown on land mostly enter into municipal drainage lines and chokes it , thereby resulting into floods. Millions of mammals, birds, reptiles and fish are reported to be killed every year by the ingestion of plastic bags.

**Plastic boon or Bane**

**Why Boon**

- Light weight, durable, Non breakable
- Inert, non -absorbing, non-wetting, non rusting
- Non conductive-both thermal and electrical
- Resistant to Biological agents (Virus, Bacteria)
- Cost effective-cheap and affordable
- Can be recycled many times-upcycle and down cycled

**Plastic has become common man’s friend and poor man’s need**

**Why Bane**

- Low production cost : less valuable for collection thereby resulting in littering which is harmful to mother nature.
- Light weight makes it flying all over thereby creating clogging
- Unsegregated plastic waste land up on landfills. Visibility of its litter overtakes the superiority of its eco footprint.

Out of 275 million tones of plastic produced globally, about 220 million tones (80%) have been discarded in landfills or oceans in 2010,12 billion tones likely to be in landfills by 2050,

18 billion pounds of plastic end up in the ocean each year.

**Current Status of Plastic Waste Management in India**

- In spite of ban on using plastic carry bags less than 50 microns, manufacture, sale and use of the same continues in cities/towns
- Unregistered plastic manufacturing/recycling units are still running in few States.
- No organized system evolved by Municipal/Local Bodies for collection, segregation and disposal of Plastic Waste.

Hence it is very important to recycle plastic waste in an efficient way to improve environmental challenges. By recycling plastic waste, the need to make more plastic can be reduced. Therefore, plastic waste can be managed through sustainable policies, scientific approach and affordable technologies. Appropriate education programmes, measurements of sources can be effective in promoting changes in disposal practices that ultimately reduce the amounts of plastic entering the environment.

Being an educated civilian, if each individual can adopt few simple habits to reduce plastic consumption, then together we can make our mother earth more greener, cleaner and happier to live.

**Simple tips for reducing your plastic waste consumption**

- Avoid single use plastics such as drinking straws, plates and cutlery made from this material. Instead use reusable cutlery such as made up from steel, glass or eco friendly materials
- Whenever you go for shopping, remember to take cloth bags or any other reusable bags. If all of us makes this as a habit of using the reusable bags, the health of our happiness of people will improve.
- Buy more bulk food and fewer packaged products
- Replace plastic Tupperware for glass or steel containers. It will improve your health because plastic containers can release harmful substances.
- Make those around you aware of the importance of reducing the consumption of plastic.
- Pay attention and put your plastic waste in the correct recycling container.
- Avoid using cosmetics that use micro-plastics, buy a biodegradable brush and wear natural fabrics

**We together can rejuvenate the Earth and make it beautiful place to live in**

**Sejal Parikh**

**Founder-Shreeji InnovEdge Solutions**

**Borivali (W),**

**Mumbai**

**Mob: 9619591746**

**Email: sejalsaurabh74@gmail.com**

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

## હે, મા તારો ખૂબ ખૂબ આભાર



મારી વ્હાલી મા,

ભુલો ભલે બીજું બધું મા–બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના એહ વિસરશો નહિ.

આ આખા ગીતને ફ્રેમમાં મઢાવીને આપણા ઘરમાં આપણે રાખતા હતા તથા હું તથા બેન રોજ નાનપણમાં તે વાંચતા હતા. ત્યારે તો આ ગીત વિશે બહુ ખબર ન હોતી પડતી, પણ આજે હવે, મમ્મી તારો પ્રેમ જોઈને આ ગીતના શબ્દો સમજાય છે.

પાટણથી કડી અને ત્યારબાદ અમદાવાદ, પપ્પાની નોકરીના કારણે આપણે આવ્યા, ભાડાના મકાનમાં પણ રહીને તે અમને સારી રીતે ઉછેર્યા. અમારા સારા શિક્ષણ માટે અમને સારી શાળામાં ભણાવ્યા. નાનપણમાં મને યાદ છે, પપ્પાના પગારમાં આપણે ઘર ચલાવવાની થોડી તકલીફો પણ હતી, ત્યારે તુ રાખડીઓ બનાવતી હતી, અમે પણ આ કામમાં તારો સાથ આપતા હતા, એ મજાના દિવસો કેમ કરીને ભુલી શકાય.

એક વખત નાનપણમાં જ્યારે મને ટાઈફોઈડનો તાવ આવ્યો હતો, ત્યારે સતત એક મહિનો હું બિમાર રહ્યો હતો. ત્યારે તે મારું ખૂબ ધ્યાન રાખ્યું હતું. તારો અભ્યાસ ભલે ઓછો છે, પણ મા ની મમતા તારામાં અઢળક છે મમ્મી.

નાનપણમાં મને ઈન્જેક્શન લેતા ડર લાગતો હતો, પણ તેં મને સમજાવી પટાવીને ઈન્જેક્શન અપાવ્યા હતાં. ત્યારબાદ ઈન્જેક્શનવાળી જગ્યાએ બરફ ઘસીને તારું હેત વહાવ્યું હતું. એક સમયે કોલેજમાં મારી પરીક્ષા ચાલતી હતી અને તે સમયે જ હું બિમાર થયો હતો. આ સમયે ચિંતા થતી હતી કે હું પરીક્ષા આપવા કેવી રીતે જઈશ ? પણ તારા હાથનો જાદુ એવો હતો કે એક જ દિવસમાં હું સ્વસ્થ થઈ ગયો હતો અને તમામ પરીક્ષાઓ મે વિના હેરાનગતિએ આપી હતી.

મમ્મી, તારા હાથની રસોઈનો જાદુ તો હજુ પણ અકબંધ છે. તારા હાથના શાક–રોટલી ખાવામાં જે આનંદ આવે છે તેની સામે છપ્પનભોગ પણ ફીકા પડી જાય છે. મને ખબર છે, તું ક્યારેય પેટ ભરીને નથી જમતી પણ અમને સૌને તું હેતથી પેટ ભરીને જમાડે છે.

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

આજે પણ તારો સ્વભાવ લાગણીશીલ છે, કોઈ વ્યક્તિના દુ:ખદ સમાચાર સાંભળીને તને રડું આવી જાય છે. સાથે તારો ગુસ્સો પણ અમને ડરાવી જાય છે. જો કે તારો ગુસ્સો અમારા સારા માટે જ હોય છે, પણ અમે તારા ગુસ્સાથી ડરી ચોક્કસ જઈએ છીએ, પણ એ અમને ગમે છે.

નાનપણમાં તારા કરેલા અનેક ઉપકારો માટે તારો આભાર માનીએ તેટલો ઓછો છે. આજે તારી સેવા કરવાનો મોકો અમને મળ્યો છે. પણ તું તો હંમેશા તારું કામ કરતી જ રહે છે. અમને એ અવસર આપતી નથી. કહેવાય છે કે, "એક મા સો શિક્ષકોની ગરજ સારે છે." હા, તું તો એક મોટી ઈન્સ્ટીટ્યુટ છે, અનેકવિધ જવાબદારી સાથે તારા ઉછેરના કારણે જ અમે આ સ્થાને પહોંચ્યા છીએ, સારા વ્યક્તિ બની શક્યા છીએ.

અત્યારના કપરા સમયમાં પણ તે જ અમને હિંમત આપી છે, તું સતત અમને ગરમ પાણી, હળદરવાળું દૂધ વિગેરે કરીને રક્ષણ આપી રહી છે. તને વેક્સિન લેવા માટે અમારે ઘણી સમજાવવી પડી હતી, જેમ નાનપણમાં તું અમને સમજાવતી હતી તે રીતે પણ તારી સુરક્ષા અમારા માટે ઘણી અગત્યની હતી, જેથી ઘણા પ્રયત્નો પછી અમે તને વેક્સિન ના બંને ડોઝ અપાવી શક્યા, તેનો અમને આનંદ છે. અમને ખબર છે કે તને દવા લેવી નથી ગમતી પણ, આ સમયમાં બચવાનો એક જ ઉપાય છે. અમારા માટે તો તું જ અમારું સર્વસ્વ છે, તારા પગ તળે જ સ્વર્ગ છે, ત્યારે તારી સુરક્ષા માટે અમે કંઈ પણ કરવા તૈયાર છીએ. બસ, આમ જ તારો પ્રેમ, તારું હેત અમારા પર સદાય વરસાવતી રહેજે.

હે, મારી બીજી મા, મારી માતૃભાષા, મારી જનેતા મા, ની જેમ જ તારા શબ્દોથી જ હું મારી મા ને બોલાવતો થયો. મારા જીવનમાં તારા અનેક ઉપકારો ભૂલાય તેમ નથી. જીવનની શરૂઆત તારાથી થઈ. તારા અભ્યાસ થકી જ તો હું અત્યારે આ મુકામે પહોંચી શક્યો છું. સારા વિચારો અને સારા પુસ્તકોના વાંચન થકી જ તો જીવન વધારે સુખદ અને આનંદદાયક બન્યું છે. તારો ખૂબ ખૂબ આભાર મા.

નાનપણથી આજ સુધી મારી તરસ છીપાવનાર મારી ત્રીજી માતા "નદી" તને મારા વંદન. અમદાવાદના મધ્યમાંથી વહેતી સાબરમતી નદી અને મા નર્મદાનું પાણી સદાય નિર્મળ રહ્યું છે. જો પાણી ન હોય તો સમગ્ર સૃષ્ટિનું શું થાય ? તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. હે નદી માતા, આમ જ તું પણ મારી ભુલોને માફ કરીને સતત અમારા સૌની તરસ છીપાવતી રહે તેવી તને પ્રાર્થના.

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ - મુબઈ)જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

હે ધરતીમાતા, હે પ્રકૃતિમાતા, તમે તો મારો જીવન પ્રાણ છો. તમારા દ્વારા તો મને ધન – ધાન્યની પ્રાપ્તિ થાય છે. હું શ્વાસોશ્વાસમાં ભલે કાર્બન ડાયોકસાઈડ બહાર કાઢું છું તો પણ તમે તો મને ઓક્સિજન જ આપો છો. આ સમગ્ર સૃષ્ટિના સર્જનહાર તો તમે જ છો, હું તમારો ઋણી છું. તમારૂં ઋણ અદા કરવા તો મારો આ અવતાર પણ ઓછો પડે તેમ છે. હે ધરતીમાતા, હે પ્રકૃતિમાતા, અમારા સૌ પર આમ જ હંમેશા કૃપા વરસાવતા રહેજો.

હે ભારતમાતા, અમે સૌ તારા સંતાનો, હંમેશા તને વંદન કરીએ છીએ. સદાય તારા ગુણગાન ગાઈએ છીએ. કાશ્મીરથી કન્યાકુમારી સુધી વસતા તારા સંતાનો, દેશવાસીઓ પર કૃપા વરસાવતી રહેજે મા. તારી ગોદમાં અમારો જન્મ થયો છે અને એક દિવસ તારામાં જ અમે સમાઈ જાશું. આ સમયગાળામાં તારી સેવા કરવાનો અમે યથાશક્તિ પ્રયત્ન કરીએ છીએ મા. તું તો મા અમારી તારણહાર છે, તારા સંતાનો હંમેશા દેશપ્રેમી બન્યા રહે તેવા આર્શિવાદ આપજે મા.

હે મારી કુળદેવી વાયડ માતા, હે જગતજનની જગદંબા માતા.

તારી જય હો, મા. તારા સંતાનો પર અત્યારે જે આફત આવી પડી છે મા, તે જલ્દીથી દૂર કરી દે મા. તું તો મારા જગતજનની છે મા. તારા સંતાનો ને તારા દર્શન કરવા છે. આ કપરા સમયમાં તારા દ્વાર પણ બંધ છે. જો કે તું તો અમારા હૃદયમાં બિરાજમાન છે. પણ હવે બહુ થયું મા. આ કોરોના રૂપી રાક્ષસનો સંહાર કરવા તારે અવતાર ધારણ કરવો પડશે મા. તારા સંતાનોને આ સંકટમાંથી જલ્દી છોડાવ મા. તને આ જ પ્રાર્થના છે મા.

માતૃવંદના

નાસ્તિ માતૃસમા છાયા, નાસ્તિ માતૃસમા ગતિઃ ।<br>
નાસ્તિ માતૃસમં ત્રાણં, નાસ્તિ માતૃસમા પ્રિયા ॥

અર્થાત

માતા સમાન કોઈ છાયા નથી. માતા સમાન કોઈ મદદગાર નથી.<br>
માતા સમાન કોઈ રક્ષક નથી, અને માતા જેટલું પ્રિય કશું જ નથી.

– મહાભારતનો શ્લોક

**– રિપલકુમાર પરીખ, અમદાવાદ**<br>
**મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ

# માછલીઓનું અવનવું



આપણી પૃથ્વી પરના દરિયામાં આશરે ૨૫૦૦૦ પ્રજાતિઓની માછલીઓ રહે છે. તેમાં ૨૫૦ જાતની એકલી શાર્ક માછલીઓ હોય છે. હવે આપણે અમુક માછલીઓની વિશેષતા વિશે જાણીએ. વિરાટકાય વ્હેલ માછલી હકીકતમાં માછલી નથી પરંતુ સસ્તન દરિયાઈ જીવ છે જે સીધો જ બચ્ચાને જન્મ આપે છે. તેની એક ખાસિયત એ છે કે તે તેના આંખોના ડોળા ફેરવી શકતી નથી. તેને બીજી દિશામાં જોવું હોય તો આખુ શરીર ફેરવવું પડે છે.

વેનેઝુએલાની કિલીફીશ તળાવમાં રહે છે. તળાવનું પાણી સુકાય તો પણ તે બે મહિના સુધી જીવી શકે છે.

કોસ્મોપોલીટન સેઈલ ફીશ ચિત્તા કરતા પણ વધુ ઝડપી છે. તે કલાકના ૧૦૦ કિ.મી. થી પણ વધુ ઝડપથી તરી શકે છે.

શાર્ક માછલીને પોતાની ચૂઈમાં પાણી સતત પ્રવેશતું રહે એ માટે તરતા રહેવું પડે છે. તે તરતી અટકે તો ડુબી જઈને મરી જાય છે. વાઈપરફીશને અણીયારા દાંત જડબાની બહાર લંબાયેલા હોય છે તેથી ઝડપથી ધસી જઈને પોતાના શિકારમાં પોતાના દાંત ખોસી દઈ ને શિકાર કરે છે.

કેટફીશ પોતાના મોંમાં જ ઈંડા સેવે છે અને બચ્ચાનો જન્મ થાય ત્યાં સુધી તે ભૂખી રહે છે.

જાયંટ સ્કવીડફીશની આંખો સમગ્ર જીવ સૃષ્ટિના કોઈ પણ જીવથી સૌથી મોટી હોય છે. તેની આંખોનો વ્યાસ દોઢ ફુટ હોય છે. એવું માનવામાં આવે છે કે માછલીના શરીર ઉપર જે ભીંગડા હોય છે તેની ગણતરી કરીને તે માછલીની ઉંમર જાણી શકાય છે.

**– સંકલન**

**ઝલક ડી. તલાટી (અમદાવાદ)**

## Think Positive, Talk Positive, Feel Positive



In our life there is a phase which makes us weak or in other way it takes us in negative direction. We make various prediction in our mind which are ofcourse negative. But what makes us to think in such a way? Why always a difficult situation leads to negative approach? Have you ever thought about that? So let me get the exact reason which will make you feel that whenever you were on a wrong direction what was the reason behind that and definitely it may change your perspective of looking at the situation.

Let us take a simple example of a person. A struggling person, Striving hard to achieve his/her dreams. It is not an easy path or easy life for anyone of us. While walking on this difficult path to achieve something we may face many ups and downs, Many problems, Many obstacles which will make us weak or fall down. This is the time when you can overcome all the obstacles and achieve your dream. But for this we should have a clear mindset and control over your thinking and positive approach too.

Its not very difficult to apply this approach, what is important here is the way you look at it. Who don't have problems, who don't have difficulties at some point of life people have to face all this. So why not face it with full power. Let people make negative points for you, let the surrounding become a little fearful but you must have that ability to change all this. The power has to be in you so that you can change those negative people into positive make the surroundings

cheerful and positive this all can be done by your actions, by your thinking, by your positivity. Many great people with great achievements are present all over the world. They also have faced great challenges, difficulties, people might have made them feel lower, but what made them rise is their dedication, their passion and their positivity.

**Life mein dreams hai toh struggle hai and agar struggle hai toh problems but agar dedication hai toh bus dreams fulfillment hai.**

To be positive and to think positive it is important to have a mindful with fresh thoughts and a passion for achieving and accepting whatever comes in front of you. Your mind is able to fight each and every problem the way getting that solve may vary some may solve it very quickly and some may take some time. Getting the situation solved and moving ahead in your future race depends on how you are getting that solve, success comes to those who think well and get everything settled by themselves. Never be negative, keep things positive and be positive, create positive atmosphere around you. Don't just go behind beating or getting ahead of someone just do your best, be energetic, be passionate, it will automatically get you ahead of all.

**Promise yourself that you will talk health, happiness, and prosperity as often as possible.**

**ALL DEPENDS ON YOUR ATTITUDE, YOUR ACTIONS, IF YOU ARE POSITIVE THINGS WILL BY DEFAULT WORK OUT AS YOU. WANT.**

**PROBLEMS TOH HAI SABKE SAATH BUS NAZARIYE KI HAI BAAT.**

**- Dhruti Jayant Shah**
**98927 58665**

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

# પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ



કૃષ્ણના જીવન સંબંધિત કેટલાક પ્રસંગો

(૧) મહાભારતમાં કૃષ્ણનું નિરૂપણ આ રીતે થયું છે.

શ્રીકૃષ્ણ નમ્ર છતાં દૃઢ નેતા, પરાક્રમી વીર, અત્યંત બળવાન, પારગામી, વિત્પ્રાત, ધીર મંત્રી, પ્રેમાળ, સુહૃદ, શાંતિપ્રિય છતાં ન્યાયી, દક્ષ રાજદૂત, વિચક્ષણ અને સાલસ મુત્સદ્દી, અર્થલોભ કે અન્ય કશાથી છેતરાયા વિના સત્ય ધર્માચરણ કરનારા, યુદ્ધ કૌશલ વિશારદ, બાળકોના પરમ વિશ્વસ્ત, સ્ત્રીઓ, વૈશ્યો અને શુદ્રોના સહાયકારી, સર્વના હિતસ્વી, તત્ત્વચિંતક, બુદ્ધિમાન, અજોડ પુરુષાર્થી, આદૃઢ કર્મયોગી, કાંતદષ્ટા, સજ્જનોના સંરક્ષક, અધર્મના વિદારક, ગીતાગાયક યોગેશ્વર, ધર્મસંસ્થાપક તરીકે નિરૂપણ થયું છે.

(૨) શ્રીકૃષ્ણના કેટલાક નામોના તાત્ત્વિક અને આધ્યાત્મિક અર્થ :

૧. સર્વ જીવોના વસન (વસ્ત્રરૂપ અથવા તેમાં વસનારા છે.) અને દેવોના ઉત્પત્તિકારણ હોવાથી વાસુદેવ.

૨. વૃષત્વ (ધર્મની કામના કરનાર)ને લીધે વૃષ્ણિ.

૩. મૌન, ધ્યાન અને યોગને લીધે પ્રફુલ્લિત માટે માધવ.

૪. સર્વ તત્વોનો લય કરનાર મધુહા (તમસનો નાશ કરનાર માટે મધુસૂદન).

૫. 'કૃષિ' શબ્દ ભૂ એટલે સત્તાવાચક છે અને 'ણ' નિવૃતિવાચક છે. આમ સત્તા અને પરમ આનંદના ભાવ હોવાથી કૃષ્ણ.

૬. નિત્ય અક્ષર અને અક્ષય પુંડરીક (શ્વેતકમળ જેવું શુભ હૃદયકમળ) હોવાથી પુંડરીકાક્ષી.

૭. દસ્યુ (લુંટારા)જનોને ત્રાસ આપે છે માટે જનાર્દન.

૮. જેઓ સત્યને છોડતા નથી એટલે સાત્વત.

૯. દેવોને સ્વપ્રકાશ આપે છે તેમ જ દમન કરે છે માટે દામોદર.

૧૦. હર્ષ, સૌમ્ય અને સુખ ઐશ્વર્યવાળા છે માટે ઋષિકેશ.

૧૧. નીચે ક્ષીણ થતા નથી માટે અધોક્ષજ.

૧૨. નરોનું અયન (આશ્રયસ્થાન) છે માટે નારાયણ.

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

૧૩. પૂર્ણ કરનારામાં ઉત્તમ છે માટે પુરુષોત્તમ.

૧૪. બે બાહુથી સ્વર્ગ અને પૃથ્વીને ધારણ કરે છે માટે મહાબાહુ.

૧૫. તેઓ બધે પ્રવેશે છે માટે વિષ્ણુ, સર્વને જીતે છે માટે જિષ્ણુ, શાશ્વત છે માટે અનંત અને ગાયોને ચરાવે છે માટે ગોવિન્દ.

૧૬. આર્ષભાવ (આર્ષ એટલે વેદોના પ્રકારક) છે તેથી વૃષભેક્ષણ.

૧૭. તેઓના કોઈ જનક નથી માટે અજ.

મહાભારતના ઉદ્યોગપર્વમાં ધૃતરાષ્ટ્રના એક પ્રશ્ન પરથી સંજયે શ્રીકૃષ્ણના કેટલાક નામોનું નિર્વચન કહી સંભળાવ્યું હતું. (અધ્યાય ૬૮, શ્લોક ૧૨)

(૩) મહાભારતમાં 'કૃષ્ણ' નામના કેટલાક ઉલ્લેખ જોવા મળે છે

૧. કૃષ્ણ – દ્વૈપાયન વેદવ્યાસ – મહાભારતના રચયિતા.

૨. કૃષ્ણ – અર્જુન – શ્રીકૃષ્ણના પ્રિય સખા.

૩. કૃષ્ણ નામનો એક સર્પ.

૪. કૃષ્ણ નામનો દેવોના સેનાપતિ કાર્તિકેયનો એક સૈનિક

૫. કૃષ્ણ – શિવના અનેક નામો પૈકીનું એક નામ.

૬. કૃષ્ણ – આ નામનો એક પર્વત

૭. કૃષ્ણ – આયુર્વેદના એક આચાર્ય ઉપરાંત આત્રેય અને કૃષ્ણાત્રેય નામના ઋષિના ઉલ્લેખ જોવા મળે છે.

૮. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ – મહાભારતના આધારે જેઓનું ચરિત્રલેખન કરવામાં આવ્યું છે.

(૪) કૃષ્ણ અને રાધા શા માટે મળી શક્યા નહીં ?

ગોલોકમાં રાધાને શ્રીદામા તરફથી શ્રાપ મળ્યો હતો કે તે કૃષ્ણ સાથે એકસો વર્ષ સુધી જોડાઈ શકશે નહીં. શ્રીદામા ભક્તિને પ્રેમ કરતાં વધુ મહાન ગણતા હતા. કૃષ્ણે એકવાર ભીષ્મને કહ્યા પ્રમાણે તેઓ પોતે આશીર્વાદ કે શ્રાપને ફેરવી શકે તેમ હતા પણ ભગવાનેય શ્રાપનું પાલન કરવું જ પડે. કૃષ્ણ કેવી રીતે શ્રાપને ઉલેખી શકે ? ગાંધારીના શ્રાપને પણ કૃષ્ણે હસતા મોઢે સહજતાથી સ્વીકારી લીધો હતો.

(૫) રાધા કૃષ્ણ કરતાં અગિયાર માસ ઉંમરમાં મોટી હતી. કૃષ્ણ ૭૯ વર્ષના હતા ત્યારે રાધાએ ૮૦માં વર્ષે દેહ છોડી દીધો. રાધાના અવસાન બાદ પાંચ વર્ષ પછી કુરુક્ષેત્રનું યુદ્ધ થયું. રાધાના અવસાન પછી એવી ઘટનાઓ બનવા પામી જે કુરુક્ષેત્ર તરફ દોરી ગઈ.

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

(૬) કૃષ્ણને 'ત્રિભંગ' કહેવાય છે. તેમનું શરીર ત્રણ જગ્યાએથી વળેલું હતું – ગળું, કમર અને ઘૂંટણ.

(૭) શું કૃષ્ણ દુઃખી હતા ? હા, કેટલીક ઘટનાઓએ તેમના જીવનમાં દુઃખ અપાવ્યું હતું.

૧. નાની ઉંમરે જન્મ આપનાર માતાપિતાથી વિખૂટા પડયા.
૨. જન્મથી જ અસુરક્ષાનો ભય.
૩. તેમનું બાળપણ રાક્ષસો સામે લડવામાં પસાર થયું.
૪. વૃંદાવન છોડવું પડયું, માતા યશોદાથી વિખૂટા પડવાનું થયું, રાધાને ગુમાવવી પડી.
૫. કંસને માર્યા પછી રાજગાદી ઉગ્રસેનને આપવી પડી.
૬. ગાંધારીનો શ્રાપ.
૭. પોતાના વંશનો નાશ થતા જોયો.
૮. જરાના હાથે સાધારણ મૃત્યુ

ધર્મની સ્થાપના માટે આ બધું સહન કરવું પડયું.

(૮) ગાંધારીએ કૃષ્ણને શા માટે કુરુક્ષેત્રના યુદ્ધ બાદ ૩૬માં વર્ષે સમગ્ર યાદવવંશ નાશ પામશે એવો શ્રાપ આપ્યો ? ૩૬ વર્ષો જ કેમ ?

કૃષ્ણનો જન્મ – ૧૮ જુલાઈ, ૩૨૨૮ બી.સી.ઈ.

કૃષ્ણની વિદાય – દ્વાપર યુગનો અંત અને કળિયુગનો ઉદય – ફેબ્રુઆરી ૧૮, ૩૧૦૨ બી.સી.ઈ.

પ્રસિદ્ધ ઇતિહાસકાર બી. એન. અચેરના જણાવ્યા પ્રમાણે મહાભારતનું યુદ્ધ ૩૦૬૭ બી.સી.ઈ.માં સમાપ્ત થયું એટલે ૩૧૦૨ – ૩૦૬૭ = ૩૫ વર્ષ જે ગાંધારીએ આપેલા સમયની તદ્દન નજીક છે. એક વર્ષની ભૂલ સંભવ છે કે યુધ્ધ સમાપ્ત થવાનું વર્ષ અથવા તે બાદ બી.સી.ઈ. પછી એ.ડી.ની શરૂઆત થઈ હોય ત્યારે '૦' વર્ષથી શરૂઆત થઈ હોય એટલે એક વર્ષનો ગેપ હોય.

(૯) શ્રીકૃષ્ણના મોટા પુત્ર તરીકે પ્રદ્યુમ્નનો ઉલ્લેખ કરવામાં આવે છે પરંતુ કૃષ્ણનો સૌથી મોટો પુત્ર ઉપશ્લોક હતો જે કુબ્જા થકી જન્મ્યો હતો. કુબ્જા આગળના જન્મમાં શ્રી રામના સમયે શૂર્પણખા હતી જ્યારે લક્ષ્મણે તેના નાક અને કાન કાપી લીધા હતા. શૂર્પણખાને રામ સાથે લગ્ન કરવા હતા પરંતુ તે શક્ય બન્યું નહીં. શૂર્પણખાએ ભારે તપ આદર્યું અને શિવજીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું હતું. પરંતુ શિવજીએ કહ્યું કે રામ એકપત્ની વ્રત છે માટે આવતા જન્મે કૃષ્ણના અવતારમાં તે સિદ્ધ થશે.

ભાગવત આ બાબતમાં મૌન છે પરંતુ ગર્ગસંહિતામાં આ ઘટનાનો ઉલ્લેખ છે ઉપશ્લોક પાછળથી મહાન હરિભક્ત બન્યો હતો તેમજ ભીમસેનામાં સારથિ પણ બન્યો હતો. તે નારદજીનો શિષ્ય હતો અને તેમની પાસેથી સત્વતા તંત્રનું જ્ઞાન મેળવ્યું જે તેને મોક્ષ તરફ દોરી ગયું.

(૧૦) એક વખત કૃષ્ણે માંદા પડવાનું નાટક કર્યું. કૃષ્ણને માથામાં પુષ્કળ પીડા થતી હતી. રાજવૈદ્ય પણ તેમની પીડા ઓછી કરી શક્યા નહીં. કૃષ્ણની પીડાનો ઉકેલ કૃષ્ણ પાસે જ હોઈ શકે. કૃષ્ણે કહ્યું કે જે કોઈ વ્યક્તિ પોતાના ચરણરજને પાણીમાં મેળવીને તેની દવા બનાવીને આપે તો પીડા દૂર થાય. તે જ સમયે નારદજી આવ્યા પણ તેમણે ચરણરજ આપવાની ના પાડી. ત્યારબાદ રુકિમણી, સત્યભામા અને અન્ય પત્નીઓએ પણ ના પાડી. દરેકને એમ હતુ કે પોતાના ચરણરજને પાણી સાથે ભળવી કૃષ્ણના માથે અભિષેક આપવાથી પોતે નરકમાં જશે. છેવટે કૃષ્ણે નારદજીને કહ્યું – વ્રજમાં જાઓ. વ્રજની તમામ ગોપીઓ પોતાના પગની ધૂળ આપવા તૈયાર થઈ ગઈ. પોતાના પ્રિયતમની પીડા ઓછી થાય તેનાથી વધુ તેમને કોઈ જ અપેક્ષા ન હતી. ભલે ને પછી તેઓની અધોગતિ થાય. આ ભક્તિ છે, માધુર્યભાવ છે.

૧૧) એક વખત અશ્વત્થામા કૃષ્ણને મળવા દ્વારકા આવ્યા. કૃષ્ણે તેને સારો આવકાર આપ્યો. ત્યાર બાદ ગુરુપુત્ર અશ્વત્થામાએ કૃષ્ણને પોતાનું સુદર્શનચક્ર આપવા કહ્યું. કૃષ્ણને ભારે નવાઈ લાગી. અર્જુન, બલરામ કે પ્રદ્યમ્ન – કોઈએ પણ આવી અઘટિત માંગણી ક્યારેય કરી ન હતી. આમ છતાં કૃષ્ણે સુદર્શન ચક્રને અશ્વત્થામા પાસે જવા આજ્ઞા કરી. અશ્વત્થામાને સુદર્શન ચક્ર લઈ લેવા જણાવ્યું. અશ્વત્થામાએ પુષ્કળ પ્રયત્નો કર્યો. ખૂબ જોર લગાવ્યું પણ સુદર્શન ચક્રને તસુભાર પણ ખસેડી શક્યો નહીં. અશ્વત્થામાએ શરમ અનુભવી અને હસ્તિનાપુર પરત ફર્યો. સાચી ક્ષમતા અને શક્તિ પોતાના પ્રયત્નોથી જ મેળવી શકાય છે, તે અદલાબદલી કરવાથી મેળવી શકાતી નથી. કૃષ્ણે આ ઘટના પાછળથી યુદ્ધ બાદ યુધિષ્ઠિરને વર્ણવી હતી.

૧૨) એક વખત દુર્યોધને કૃષ્ણને હસ્તિનાપુર આવવા આમંત્રણ આપ્યું. કૃષ્ણે આમંત્રણ સ્વીકાર્યું. દુર્યોધનનો ઈરાદો મલિન હતો. કૃષ્ણને મદીરા પીવડાવી તેમની પાસેથી કશુંક મેળવવાનો હતો. દુર્યોધનના મિત્રો પણ હાજર હતા. બધાએ ખૂબ મદીરા પીધી અને પોતાની પરનો કાબુ ગુમાવી દીધો. પણ કૃષ્ણ શાંત અને સભાન હતા.

આ સમયે દુર્યોધનની પત્ની ભાનુમતી પણ હાજર હતી. ભાનુમતી યુવાન અને સુંદર હતી. તે સમયે તેની ઉંમર માત્ર ૧૭ વર્ષની હતી. તેણે પણ જરૂર કરતાં વધારે

મદીરા પીધી. ભાનુમતી બેહોશ થઈ ગઈ અને કૃષ્ણ પર ઢળી પડી. કૃષ્ણે તેને એક નાનકડી દીકરીની જેમ જાળવી લીધી. કૃષ્ણે સમગ્ર પરિસ્થિતિ પારખી લીધી. કૃષ્ણ તરત જ તેને મહેલના અંદરના ભાગમાં ગાંધારીના કક્ષમાં લઈ ગયા અને ગાંધારીને સોંપી દીધી. બીજા દિવસે સવારે ભાનુમતીએ પોતાની સાસુ ગાંધારીને પોતે અહીં કેવી રીતે આવી તેની પૃચ્છા કરી. ભાનુમતીએ સમગ્ર વાત જાણી ત્યારે ખૂબ શરમાઈ અને કૃષ્ણનો આભાર માન્યો. ત્યાર બાદ તે કૃષ્ણની ભક્ત બની ગઈ.

૧૩) એક વાર કર્ણએ કૃષ્ણને પૂછયું – 'મારી માતાએ જન્મતાં જ મને છોડી દીધો. અવૈદ્ય બાળક તરીકે મારો શો વાંક હતો ? દ્રૌણાચાર્ય પાસેથી મને શિક્ષણ ન મળ્યું. કારણ કે મને ક્ષત્રિય ગણવામાં ન આવ્યો. પરશુરામે મને શિક્ષણ આપ્યું પણ તે શિક્ષણ ખરે સમયે ભૂલી જવાનો શ્રાપ આપ્યો. દ્રૌપદી સ્વયંવરમાં મારું અપમાન કરવામાં આવ્યું. અંતે કુંતીએ પોતાના સંતાનોને બચાવવા માટે સત્ય કહ્યું ત્યારે ઘણું મોડું થઈ ચૂકયું હતું.'

કૃષ્ણે કહ્યું – 'કર્ણ, મારો જન્મ જેલમાં થયો. જન્મ પહેલાંથી જ મૃત્યુ મારી રાહ જોતું હતું. જે રાત્રે મારો જન્મ થયો, મારા માતાપિતાથી વિખૂટો પડી ગયો. બાળપણથી જ હથિયારોના અવાજ વચ્ચે મોટો થયો, ગાયોના ધણ વચ્ચે ઉછર્યો. મારું જીવન સમાપ્ત કરવા માટેના સંખ્યાબંધ પ્રયત્નોનો ભોગ બન્યો. નાનપણમાં શિક્ષણ ન મળ્યું. મારા જ લોકોએ કહ્યું કે બધા જ પ્રશ્નોનું મૂળ હું છું. મારી પસંદની યુવતી સાથે લગ્ન ન કરી શક્યો. યમુના નદીથી દરિયાકિનારા તરફ સમગ્ર પ્રજાજનોને લઈ જવા નિમિત્ત બન્યો. મને ભાગી જવા માટે કાયર કહેવામાં આવ્યો. કર્ણ, જિંદગી હંમેશા કોઈની સાથે પણ ક્યારેય સરળ હોતી નથી. દરેકે જીવનમાં સંઘર્ષ કરવો જ પડે છે. પણ જીવનમાં અનુચિત બનવાને કારણે ખોટા માર્ગ પર ચાલી જવું જરૂરી નથી.જીવન હંમેશા કેટલાક પ્રયત્નોથી સમજાય છે પરંતુ પ્રારબ્ધ હંમેશા કર્મ થકી સિદ્ધ થાય છે.' કર્ણ એકચિત્તે કૃષ્ણને સાંભળી રહયો.

૧૪) કુરુક્ષેત્રના અઢાર દિવસ ચાલેલા યુધ્ધમાં કૃષ્ણ સારથિને યોગ્ય એવા વિનયથી હંમેશા પોતે રથ પરથી નીચે ઉતરતાં અને પછી અર્જુનને રથ પરથી નીચે ઉતારતાં પણ અઢારમાં દિવસની સાંજે કૃષ્ણ અર્જુનને પહેલા ઉતરવાનું કહે છે.

અર્જુનને નવાઈ લાગે છે પણ કૃષ્ણ કહે તેમ કરવું તો જોઈએ. અર્જુન પહેલા રથ પરથી નીચે ઉતરે છે. પછી કૃષ્ણ રથના અશ્વોને છોડી મૂકે છે અને છેલ્લે પોતે રથ પરથી ઉતરે છે. કૃષ્ણ રથ પરથી ઉતરે છે તેવો જ રથ ભડકે બળવા લાગે છે. વિસ્મયથી આ

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

જોઈ રહેલા અર્જુનને કૃષ્ણ કહે છે – 'ભીષ્મ અને દ્રોણના દિવ્ય શસ્ત્રોને કારણે રથ ક્યારનોય સળગી ચૂક્યો હતો પણ હું મારું તત્ત્વ એના પર મૂકીને ઉતરતો એ કારણે અગ્નિ ગુપિત રહેતો હતો. આજે મેં રથને ત્યજી દીધો એટલે તે ભડકે બળી રહયો છે.'

આ પ્રસંગનું અર્થઘટન એ છે કે આપણા દેહરુપી રથ પર જ્યાં સુધી કૃષ્ણ નામનું જીવનતત્ત્વ છે ત્યાં સુધી જ એનો મહિમા છે. જે ક્ષણે કૃષ્ણ આ રથને ત્યજી દે, તે જ ક્ષણે આ દેહે અગ્નિને સમર્પિત થવાનું છે. બીજી રીતે કહીએ તો, જ્યાં સુધી કૃષ્ણ આપણો હાથ ઝાલે ત્યાં સુધી આખી દુનિયા આપણને તરછોડે તો પણ કોઈ હરકત નથી પણ જે ક્ષણે કૃષ્ણ આપણો હાથ છોડી દે તે જ ક્ષણે આખી દુનિયા આપણને માથે મૂકીને નાચે તો પણ તેનો કંઈ અર્થ નથી.

૧૫) એક વાર દેવર્ષિ નારદ યમુના કિનારે આવ્યા. ત્યાં એક ગોપી ધ્યાનમગ્ન દિશામાં બેઠી હતી. નારદજીએ જોરથી સાદ કર્યો એટલે ગોપીની આંખ ખૂલી. નારદજીએ એને પૂછયું – 'કોનું ધ્યાન ધરી રહી છે ? લીલા પુરુષોત્તમ કૃષ્ણ તો તારા ગામમાં નંદભવનમાં રહે છે. અહીં એમનું ધ્યાન ધરીને બેસવાનું કારણ?' ગોપીએ જવાબમાં કહ્યું – 'નારદજી, એનું નામ જ ન લેશો. ગાય દોહવા બેઠી તો મને એવું લાગ્યું કે કનૈયો આવીને કહી રહ્યો છે કે દૂધની ધાર મોંમાં પાડ. મેં દૂધની ધાર પાડી તો દૂધ ભોંય પર ઢોળાયું. ઘર વાળતી હતી ત્યારે લાગ્યું કે કનૈયો સામે ઉભો છે પણ એ તો ત્યાં હતો જ નહીં. ચોખા ખાંડવા બેઠી તો લાગ્યું કે એ સાંબેલું પકડીને ઊભો છે. પણ ત્યાં કોઈ ન હતું. મારા ઘરનાં કામકાજ રખડી પડયાં તેથી થયું કે મારા મનમાંથી કૃષ્ણ નીકળે તો કાંઈ ઠેકાણું પડે. મારા મનમાંથી કૃષ્ણને દૂર કરવા માટે હું ધ્યાન કરી રહી છું.'

ભલભલા યોગીઓ સંસારમાંથી ચિત્ત હટે અને કૃષ્ણમાં ચિત્ત સ્થિર થાય તે માટે જીવનભર સાધના કરે છે. વ્રજની ગોપીનું આથી ઉલટું છે. એ કૃષ્ણમાંથી ચિત્ત હટે તે માટે મથામણ કરી રહી છે. ગોપીઓના ચિત્તની દશા અલૌકિક છે. તેથી સર્વ શ્રીકૃષ્ણ દર્શન થતું રહે છે. ગોપીભાવ એટલે ભગવદ્‌ભાવ. ગોપીઓનો આ બ્રહ્મસંબંધ છે.

(ક્રમશઃ)

**– હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

# હરિયાળી ક્રાંતિ-૧



બેક્ટેરિયા દર ૨૦ મિનિટે ૧ ના ૨, ૨ ના ૪, ૪ ના ૮, ૮ ના ૧૬ પ્રમાણે વૃધ્ધિ પામે છે. આ પ્રકારના વૃધ્ધિ દરને ગણિતશાસ્ત્રની ભાષામાં એક્સ્પોનેન્શિઅલ ગ્રોથ – Exponential Growth કહેવામાં આવે છે. જો બેક્ટેરિયાને તેનો ૨૦ મિનિટે બમણો થવાનો વૃધ્ધિ જાળવી રાખવા માટેનો જરૂરી ખોરાક ફક્ત ૪૮ કલાક પુરતો પુરો પાડી શકાય તો બેક્ટેરિયાનું કુલ વજન પૃથ્વીના વજન કરતા ૪,૩૦૦ ગણાથી પણ વધુ થાય. બેક્ટેરિયા વૃધ્ધિ પામતા તેમનો ખોરાક પુરો થઇ જતા બેક્ટેરિયા મરવા માંડે છે.

બ્રિટનના થોમસ રોબર્ટ માલ્થુસે ઈ.સ. ૧૭૯૮ની સાલમાં વસ્તી વધારા વિષય ઉપર મહાનિબંધ લખી એક સિદ્ધાંત રજુ કર્યો. માલ્થુસના આ સિદ્ધાંત પ્રમાણે મનુષ્યની વસ્તી એક્સ્પોનેન્શિઅલ ગ્રોથ પ્રમાણે વૃધ્ધિ પામે છે જયારે અનાજનું ઉત્પાદન તે પ્રમાણે વૃધ્ધિ ન પામતા ભવિષ્યમાં વસ્તીનું નિયંત્રણ કુદરતી હોનારત, યુધ્ધ, રોગચાળા દ્વારા થશે. આ પછી ગ્રેટ બ્રિટનમાં વસ્તી ગણત્રી માટેનો કાયદો – Census Act 1800 – પસાર કરી દર ૧૦ વર્ષે વસ્તી ગણત્રી કરવાનું નક્કી કરવામાં આવ્યું. ઈ.સ. ૧૮૦૧માં બ્રિટનમાં પહેલી વસ્તી ગણત્રી થઇ હતી. ભારતમાં પહેલી વસ્તી ગણત્રી હેન્રી વોલ્ટરના નેતૃત્વમાં ઈ.સ. ૧૮૩૦ માં કરવામાં હતી. તે વખતે ભારતની વસ્તી ૨૦ કરોડ હતી.

## દુનિયાની વસ્તી

| વર્ષ | વસ્તી કરોડ | વર્ષ | વસ્તી કરોડ | વર્ષ | વસ્તી કરોડ | વર્ષ | વસ્તી કરોડ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૦ | ૨૦ | ૧૮૫૦ | ૧૨૦ | ૧૯૭૦ | ૩૭૦ | ૧૯૯૯ | ૬૦૦ |
| ૧૦૦૦ | ૨૭.૫ | ૧૯૦૦ | ૧૬૦ | ૧૯૭૫ | ૪૦૦ | ૨૦૦૯ | ૬૮૦ |
| ૧૫૦૦ | ૪૫ | ૧૯૨૭ | ૨૦૦ | ૧૯૮૦ | ૪૫૫ | ૨૦૧૧ | ૭૦૦ |
| ૧૬૫૦ | ૫૦ | ૧૯૫૦ | ૨૫૫ | ૧૯૮૫ | ૪૮૫ | ૨૦૨૫ | ૮૦૦ |
| ૧૭૫૦ | ૭૦ | ૧૯૬૦ | ૩૦૦ | ૧૯૯૦ | ૫૩૦ | ૨૦૪૩ | ૯૦૦ |
| ૧૮૦૦ | ૧૦૦ | ૧૯૬૫ | ૩૩૦ | ૧૯૯૫ | ૫૭૦ | ૨૦૮૩ | ૧૦૦૦ |

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

માલ્થુસે ૧૭૯૮ની સાલમાં વસ્તી નિયંત્રણ માટે જે ભવિષ્ય ભાખ્યુ હતું તે ૨૦મી સદીના ત્રીજા દસકામાં સાચુ પડવા માંડ્યું. છેલ્લા ૧,૦૦૦ વર્ષ દરમ્યાન મનુષ્યની વસ્તી એક્સ્પોનેન્શિઅલ ગ્રોથ પ્રમાણે વધતી ગઈ અને અનાજનું ઉત્પાદન આ દરમ્યાન ૦.૫ ટન પ્રતિ હેક્ટર દીઠ થી વધી ફક્ત ૨.૦ ટન પ્રતિ હેક્ટર થયું હતું. (એક હેક્ટર = ૧૦,૦૦૦ ચોરસ મીટર = ૧,૦૯,૬૩ ચોરસ ફુટ = ૨.૪૭૧ એકર). આ ઉપરાંત ૧૯૩૯ની સાલથી વિશ્વયુધ્ધ શરું થયું.

ડૉ.નોર્મન બોર્લોગ – Dr. Norman Borlaug - (૧૯૧૪ થી ૨૦૧૪) જીવાણુંશાસ્ત્ર - Microbiology નો અભ્યાસ કરી વનસ્પતિ રોગશાત્ર – Plant Pathology નો અભ્યાસ કર્યા બાદ પ્રો.ચાર્લ્સ સ્ટેકમેન – Charles Stakman ની દોરવણીથી આનુવંશિક–Genetic–શાસ્ત્રમાં ડોક્ટરેટ – Ph.D. ડીગ્રી પ્રાપ્ત કરી હતી.

૩૦ના અને ૪૦ના દાયકામાં મેક્સિકોને અને અમેરિકાને પોતાની જરૂરિયાત પુરી કરવા ઘઉંની આયાત કરવી પડતી હતી. ૧૯૩૯ની સાલમાં અમેરિકાના વાઈસ પ્રેસીડન્ટ હેન્રી વોલેસે – Henry Wallace રોક્ફીલર ફાઉન્ડેશનને ઘઉંનું ઉત્પાદન વધારવા માટે મેક્સિકોમાં એક સંશોધન કેન્દ્ર શરુ કરવા જણાવ્યું. રોક્ફીલર ફાઉન્ડેશને પ્રો. સ્ટેકમેન પાસે બે કૃષિનિષ્ણાત માંગ્યા. પ્રો. સ્ટેકમેને ડો. નોર્મન બોર્લોગ અને જેકોબ જ્યોર્જ હર્રાર Dr. Jacob George Harrar ના નામ સુચવ્યા. તે વખતે ડૉ. બોર્લોગ ડુપોન્ટ – DuPont કંપનીમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન એક પ્રોજેક્ટ ઉપર કામ કરતા હોવાથી મેક્સિકો સંશોધન કેન્દ્રમાં નથી જઈ શકતા. ડૉ. હર્રારને પ્રોજેક્ટ લીડર બનાવવામાં આવ્યાં. ડો. બોર્લોગ ડુપોન્ટમાં તેમનો પ્રોજેક્ટ પુરો થતા ડુપોન્ટમાંથી રાજીનામું આપે છે. ડો. બોર્લોગ ડુપોન્ટની બમણા પગારની ઓફર ઠુકરાવી મેક્સિકો સંશોધન કેન્દ્રમાં ડો. હર્રાર સાથે કામ કરવા જાય છે.

મેક્સિકોના દક્ષિણ ભાગમાં ચપીન્ગો–Chapingo શહેર આવેલું છે અને ઉત્તર–પશ્ચિમમાં ૮૫૦૦ ફુટની ઊંચાઈએ યુકુઈ વેલી–Yuqui Valley શહેર આવેલું છે. ડો. બોર્લોગે વિચાર કર્યો કે શિયાળામાં યુકુઈ વેલીમાં પાક લઈ જે બિયારણ મળે તેનાથી ઉનાળામાં ચપીન્ગોમાં ઘઉંની વાવણી કરીએ તો ગરમી અને ઠંડી બંને ઋતુમાં ખેતી થઈ શકતું બિયારણ મળે. ડો. બોર્લોગના વિચાર સાથે ડો. હર્રાર અસંમત થતા ડો. બોર્લોગ રાજીનામું આપે છે. પ્રો. સ્ટેકમેનની મધ્યસ્થીથી ડો. હર્રાર સંમત થતા ડો. બોર્લોગ રાજીનામું પાછું ખેંચી લે છે. ડો. બોર્લોગે ઘઉંનું વધુ ઉત્પાદન કરતું બિયારણનું સંશોધન

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

કરવા ત્રણ મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

૧. ઘઉંના છોડ નીચા હોવા જરૂરી છે.

૨. ફોટોપીરીયોડીઝમ Photoperodism તડકા છાંયડાની અસર

૩. બિયારણ રોગ પ્રતિકારક હોવું જરૂરી છે.

૧. ઘઉંના છોડ નીચા હોવા જરૂરી છે.

જો ઘઉંનો છોડ ઉંચો હોય તો પ્રકાશ સંશ્લેષણ–Photosynthesis દ્વારા ઉત્પન્ન થતો ખોરાક ઘઉંના દાણા બનવા માટે ન વપરાતા ઊંચા ઘઉંના છોડના ઊંચા સાંઠા માટે વપરાઈ જાય અને વાવાઝોડાથી છોડ નમી પડે અને ઘઉંનું ઉત્પાદન ઓછું થાય. ઓછી ઉંચાઈના છોડ માટે જાપાનથી ઘઉંના નીચા છોડ માટે નોરીન–૧૦ પ્રકારના બિયારણ મંગાવવામાં આવ્યું. ઓછી ઊંચાઈના નોરીન–૧૦ના બિયારણ અને વધુ ઉત્પાદન આપતા બિયારણ વાવી બંનેના ફુલોથી ક્રોસ–બ્રીડીંગ કરી (પહેલા છોડનું સ્રીકેસર અને બીજા છોડનું પુંકેસર તથા પહેલા છોડનું પુંકેસર અને બીજા છોડનું સ્ત્રીકેસર) ઓછી ઊંચાઈ અને વધુ ઘઉંનું ઉત્પાદન આપતું બિયારણ ઉત્પન્ન કર્યું.

૨. ફોટોપીરીયોડીઝમ – તડકા – છાંયડાની અસર

મેક્સિકો વિશુવૃત થી $10^0$N અને $32^0$N ની વચ્ચે આવેલો દેશ છે. (અમદાવાદ શહેર $23^0$N ઉપર આવેલું છે.) મેક્સિકોનું યુકુઈ વેલી શહેર ઉત્તરમાં $32^0$N ની નજીક અને તે ૮૫૦૦ ફુટની ઊંચાઈએ આવેલું છે. એટલે ૨૧મી સપ્ટેમ્બર થી ૨૧મી ડિસેમ્બર વચ્ચેના દિવસોમાં દક્ષિણમાં ચપીન્ગો શહેર ($10^0$N ને નજીક) કરતા દિવસ વધુ ટૂંકો હોય. આ કારણથી યુકુઈ વેલી શહેરમાં દિવસ દરમ્યાન ઘઉંના ચપીન્ગો શહેરમાં ઘઉંના છોડને જે પ્રકાશ મળે તેના કરતા પ્રકાશ ઘણો વધારે મળે. આથી ડો. બોર્લોગે જાપાનથી મંગાવેલ ઘઉં નીચાના છોડના બિયારણ – નોરીન–૧૦ની યુકુઈ વેલીમાં વાવણી શિયાળામાં કરી. ઘઉંના ઉતરેલા પાકમાંથી મોટા દાણા બિયારણ માટે કાઢી લીધા. આ બિયારણ ઠંડી અને ઓછા પ્રકાશથી ઉગેલું છે. આ બિયારણની વાવણી ઉનાળામાં દક્ષિણના ચપીન્ગો શહેરમાં કરી. આ ઘઉંનું બિયારણ ગરમી અને વધુ સમય મળેલા પ્રકાશથી પ્રાપ્ત થયેલું છે. ડો. બોર્લોગે નીચા છોડ અને ઘઉં વધુ ઉત્પાદન આપતું અને ગરમી અને ઠંડી – બંને ઋતુમાં ઘઉંનું વધુ ઉત્પાદન આપતું બિયારણ ઉત્પન્ન કર્યું. બંને ઋતુમાં ઘઉંનું ઉત્પાદન થાય એટલે પાકની બે ફસલ લઈ શકાય. આ બિયારણથી દુનિયાના ગરમ અને

ઠંડા પ્રદેશોમાં ઘઉંનો પાક લઈ શકાય.

૩. બિયારણ રોગ પ્રતિકારક હોવું જરૂરી છે.

મેક્સિકોમાં ઘઉંના છોડને લાલ ફુગ (Rust) લાગી જવાથી ઘઉંનું ઉત્પાદન ઓછું થતું હતું. ડો. બોર્લોગે પોતે આનુવંશિકશાસ્ત્રના વિષયના નિષ્ણાત હતા. તેથી બિયારણમાંથી જે જીન - Gene રોગ પ્રતિકારક ન હોય તે કાઢી રોગ પ્રતિકારક જીન નાંખી બિયારણને રોગપ્રતિકારક બનાવ્યું.

આ બધું વાંચવુ સહેલુ લાગે પણ આ બધા પ્રયોગો બને ત્યાં સુધી સાથે સાથે કરવામાં આવતા અને ૧૦,૦૦૦ની સંખ્યામાં છોડ ઉગાડવામાં આવતાં.

જે ઘઉંના ઉત્પાદનમાં વધારો થયો તે બિયારણની સાથે સાથે સિંચાઈ અને ખાતરનો ઉપયોગ પણ થયો હતો. જે મેક્સિકો અને અમેરિકા ૩૦ અને ૪૦ના દશકામાં ઘઉંની આયાત કરતા દેશો હતા તે હરિયાળી ક્રાંતિના કારણે ૫૦ના દશકામાં બંને દેશો ઘઉંની નિકાસ કરતા દેશો થઈ ગયા.

૨૫મી માર્ચ, ૨૦૧૪ ના દિવસે ડો. બોર્લોગની જન્મશતાબ્દી હતી. તે દિવસે વોશીંગ્ટન ડી.સી.માં અમેરિકાની પાર્લામેન્ટ એટલે કે કેપિટલ હીલ – Capital Hill ના સ્ટેચ્યુટરી હોલમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

દુનિયાને ભૂખમરાથી બચાવવા બદલ ડો. બોર્લોગને ૧૯૭૦ની સાલમાં નોબલ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા. ભારત સરકારે ૨૦૦૬ની સાલમાં ડો. બોર્લોગને પદ્મ વિભૂષણ પુરસ્કારથી નવાજ્યા. આ ઉપરાત ડો. બોર્લોગને ઘણા બધા પુરસ્કાર મળ્યા છે. ડો. બોર્લોગે કૃષિક્ષેત્રમાં સંશોધન માટે World Food Prize આપવાનું શરૂ કર્યું. સૌ પ્રથમ World Food Prize ૧૯૮૭ની સાલમાં આપણા ભારતના ડો. એમ. એસ. સ્વામીનાથનને એનાયત થયો હતો.

ડો. બોર્લોગનું સૂત્ર હતું “જમીનની ઉત્પાદકતા વધારો અને જંગલ કપાતા રોકો.”

**– પ્રિયમુખભાઈ શાહ, વડોદરા**

**મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭**

## ઓક્સિજન
## (પ્રાણ ટકાવી રાખનાર – પ્રાણ વાયુ)



આજથી આશરે છ હજાર વર્ષ પહેલા કુરુક્ષેત્રનાં રણ મેદાનમાં ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહેલુ કે 'જયારે.... જયારે.... ભુમી ઉપર ધર્મની હાની અને અધર્મની વૃધ્ધી થાય છે ત્યારે.... ત્યારે.... પાપ કર્મીઓનાં વિનાશ માટે હું યુગે યુગે પ્રગટ થાઉ છુ.' (શ્રીમદ્ ભગવત–ગીતા – ૪–૭)

આજનાં ઘોર કળીયુગમાં ભગવાન શ્રી કૃષ્ણે ભુમી ઉપરનો ભાર ઘટાડવાનું કામ.. આ ૦.૦૦૦૬ મિ.મિ. વ્યાસનાં કોરોના વાયરલ ને સોંપ્યુ લાગે છે.

---

માનવ શરીરનાં જૈવીક બંધારણમાં કુલ મળીને ૫૯ પ્રકારનાં રસાયણોનો ખપ પડે છે. જે કાર્બન, ઓક્સીજન, હાઈડ્રોજન, નાઈટ્રોજન, કેલ્શીયમ અને ફોસફરસનાં ૯૯% નાં પ્રમુખ ઘટકો ઉપરાંત ૧% માં તાંબુ, ટીન વિ. તત્વોને આભારી છે. જેને ચલાવવા માટે હૃદયનાં ધબકારા, લોહીનું શુધ્ધીકરણ, વિષાણુંઓ સામે નો સાયલન્ટ જંગ તથા રક્ત–વાહીનીઓમાં એક ધારૂ લોહીનું પરીભ્રમણ, જેવી સેંકડો ક્રિયાઓ આપણા આ બાયોલોજીકલ મશીનમાં સ્વયંસંચાલિત રીતે ચાલે છે. તે જ પ્રમાણે આપણું શ્વસન–તંત્ર પણ આશરે રોજનાં ૨૦૦૦૦ વખત શ્વાસ લઈને લગભગ ૧૨૫૦૦ લીટર ઓકિસજન (પ્રાણવાયુ) યુક્ત હવા લેવાનું કામ કરે છે. આપણી છાતીની બખોલમાં આવેલા (ડાબી/જમણી) ફેફસાઓ પણ સ્વયં–સંચાલિત અવિરત પણે કાર્ય કરતા હોય છે, પરીણામે આપણું આ શરીર... રંગે ચંગે ચાલતુ હોય છે.

આ ૫૯ પ્રકારનાં રસાયણો પૈકી કેટલાક રસાયણોની ઉણપ હોવા છતા, માનવ શરીર બરોબર ચાલે છે પણ... આપણું શ્વસન તંત્ર હવામાંથી ઓકિસજન લેવાનું કામ બંધ કરી દે, તો આપણું આ સ્વયં–સંચાલિત બાયોલોજીકલ મશીન ઠપ થયા વગર રહેતું નથી, કારણ કે જીવનને ધબકતુ રાખવા માટે ઓકસીજન/પ્રાણવાયુ અનિવાર્ય છે.

કુદરતની કરામત તો જુઓ કે આપણું શ્વસન તંત્ર આપણ ને કેવી રીતે ચેતનવંતુ રાખે છે.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આપણું શ્વસન તંત્ર એટલે કે નાક થી શરૂ કરીને છાતીનાં પાંજરામાં રહેલા ફેફસા થી બનેલુ તંત્ર. જેનો કુલ–વિસ્તાર એક ટેનીસનાં મેદાન જેટલો થાય તે વિસ્તાર અબજો થી પણ વધુ સંખ્યામાં એક–બીજા સાથે જોડાયેલા હવા થી ભરેલા દ્રાક્ષના ઝુમખા જેવા કોષો (વાયુ–કોષ્ટિકા / એલનોલોઈ)નો જથ્થો છે.

આપણે નાક વડે હવા (શ્વાસ) અંદર લઈએ છીએ, ત્યારે હવા, ફેફસામાં જતાં પહેલા, નાકમાં રહેલા ફિલ્ટર દ્વારા ચોખ્ખી થયા પછી, સૌ પ્રથમ ગળાથી નીચે આવેલી મોટી શ્વાસ–નળીઓમાં આવ્યા બાદ, જમણી/ડાબી બાજુએ આવેલા ફેફસાઓમાં થઈને મોટી, નાની અને તેનાંથી પણ નાની (ટેકીઆ, બ્રોન્કાઈ અને બ્રોન્કાઈલ્સ) શ્વાસનળીઓનાં અંતે આવેલા દ્રાક્ષના ઝુમખા આકારનાં વાયુ કોષ્ટિકામાં દાખલ થયેલી હવામાં આવેલા ઓક્સિજન/પ્રાણવાયુને શોષી લે છે.

અને અંતે... શોષાઇ ગયેલો ઓક્સિજન/પ્રાણવાયુ દ્રાક્ષનાં ઝુમખા આકારની વાયુકોષ્ટિકા આસપાસ વિંટળોલી અબજોની સંખ્યામાં આવેલી રકત–વાહીનીઓમાં ટ્રાન્સફર થઈને છેવટે રક્ત–કણોમાં ભળી જાય છે.

પ્રાણવાયુ ધરાવતો પ્રત્યેક રકત–કણ કુલ ૧૨૦ દિવસનાં આવરદા દરમ્યાન આખા શરીરમાં કુલ ૧,૭૨,૦૦૦ (એક લાખ બોતેર હજાર) વાર ભ્રમણ કરીને કુલ ૧૧૦૦ કિ.મી. (અગ્યારસો) નું અંતર જોડી ને શરીરનાં અબજો કોષોને અવિરત પણે પ્રાણવાયુ પહોંચાડવાનું જૈવીક કાર્ય બજાવતું રહે છે.

આ બાજુ દ્રાક્ષનાં ઝુમખા આકારનાં વાયુ–કોષ્ટિકાની આજુબાજુ વિટંળાયેલી હજારો લોહીની નળીઓમાં, શ્વાસની નળીઓ મારફત આવેલી હવામાંનો ઓક્સિજન અને રકત–વાહિનીઓ મારફત આવેલા કાર્બન–ડાયોકસાઈડની બે/ત્રણ સેંકડ જ ટ્રાન્સફર થઈને પ્રાણવાયુવાળુ લોહી પરીભ્રમણ માટે પાછુ હૃદયમાં પહોંચી જાય છે.

અને...કાર્બન ડાયોકસાઈડ વાળો ખરાબ વાયુ વાયુ કોષ્ટિકામાંથી, સૌથી નાની, નાની અને તેનાંથી મોટી શ્વાસનળીઓ મારફત (બ્રોન્કાઈલ્સ/બ્રોન્કાઈ/ટ્રેકીઆ) અંતે.. નાક વડે/ મ્હોં વડે શરીરની બહાર નીકળી જાય છે.

આ ક્રિયા જીવન પર્યંત અવિરત પણે ચાલુ જ રહે છે.

હવે આપણને સમજાયુ ને કે આ અદભુત શ્વસન તંત્ર કેટલુ અગત્ય ને છે?

આમ, આપણા શરીરને રંગે–ચંગે રાખવુ હોય તો :–

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

(૧) રક્ત–કણોમાં ઓકિસજન ભળવો જરૂરી છે.

(૨) ફેફસાને નિયમિત રીતે પ્રાણવાયુ નો પુરવઠો મળવો જરૂરી છે

અને

(૩) તે માટે... આપણું શ્વસન–તંત્ર સ્વસ્થ રહેવુ જરૂરી છે/અનિવાર્ય છે.

કોરોના–વાયરલનો હુમલાખોર વિષાણુંઓ આપણા શ્વસન–તંત્રને કેવી રીતે લક્ષ્યાંક બનાવી–મહોંકાણ ઉભી કરે છે... તે આવતા અંકે...

**– સનતભાઈ શાહ, અમદાવાદ, મો.નં. ૯૬૨૪૪ ૫૮૩૫૫**

**કૃષ્ણ ની ખોજમાં**

હું છું કનૈયા તારા શબ્દો ની શોધ માં
મને જડતા નથી શબ્દો ત્રિભુવન માં
તારા નામ હજાર જાણી કયા નામે પોકારુ
અહર્નિશ રહુ છું તારી ખોજ માં
રાધા કે મીરાં જેવી ભક્તિ દયો દિલ માં
દયો સામર્થ્ય તુજ સંગ રાસ ખેલવા માં
શબ્દો શા ? બોલી તને શોધું હું કુજ માં ?
તું તો ભમતો રહે છે મધુબન માં
તને શબ્દોમાં શોધી હું થાકી કનૈયા
શબ્દમાં જ પ્રેમ છે એ જ જગતને જણાવ્યું
એ જ શબ્દ સમાયા મારા જીવન સંગીત માં
છે કૃષ્ણ તારું નામ મારી પ્રીત માં
જાણ્યું કે રૂપ તારા જગમાં અનંતા
તારા પ્રેમ તણા શબ્દોના રૂપે મને ગમતા
મારા પ્રેમને વશ થઈ આવજે અંતર માં
નહીં આવે તો રહીશ તારા શબ્દો ની શોધ માં

**– પ્રવિણાબેન દિપકભાઇ દલાલ, મુંબઈ**
**મો. ૮૩૬૯૬ ૮૧૮૩૨**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## આર્ટ્સ કૉલેજમાં ભણાવાતા અભ્યાસક્રમ કેટલા પ્રસ્તુત છે ?



ઇજનેરી કૉલેજોમાં કેમ્પસ–પ્લેસમેન્ટની વ્યવસ્થા વ્યાપક સ્વરૂપમાં હોય છે એટલે કે નોકરી આપતી કંપની કૉલેજમાં ઇન્ટરવ્યુ લેવા આવે. છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓનો ઇન્ટરવ્યુ લઇને તેમાંથી પ્રતિભાવંત વિદ્યાર્થીઓને નોકરીની ઓફર કરે. કોઈ પણ અભ્યાસક્રમની ઉપયોગિતા અને જે–તે કૉલેજમાં અપાતા શિક્ષણનું સ્તર આંકવા માટે કેટલા ટકા વિદ્યાર્થીઓને કેમ્પસ–પ્લેસમેન્ટ થકી નોકરી મળી તે માપદંડ રાખવો ઉચિત ગણાય. જે કૉલેજમાં જે–તે અભ્યાસક્રમમાં વધુમાં વધુ વિદ્યાર્થીને કેમ્પસમાં જ ઇન્ટરવ્યુ થકી નોકરી મળે તે અભ્યાસક્રમ અને તે કૉલેજ જ ઉત્તમ કહેવાય.

આ સંદર્ભમાં આપણી આર્ટ્સ કૉલેજો અને તેના અભ્યાસક્રમ ઘણા પાછળ રહી જાય છે. હાલની આર્ટ્સની ડિગ્રીઓ થકી નોકરી મેળવવાનું બહુ અઘરું છે. એવું કહેવાનું ચલણ છે કે આ ડિગ્રીઓની ખાસ કાંઈ વેલ્યુ નથી. મુખ્ય કારણ એ છે કે, આ અભ્યાસક્રમો ભાષા અને સાહિત્યની આસપાસ ગોઠવાયેલા છે અને સાહિત્યની આપણી સમજ બહુ ટૂંકી છે. આપણા હિસાબે કવિતા–નિબંધ–ગઝલ–નાટક–નવલકથા એટલે સાહિત્ય. આવા સાહિત્યનાં કૌશલ્ય થકી કમાવાનું ઘણું અઘરું છે. ત્રણ વર્ષના કોર્સમાં એવું કાંઈ કૌશલ્ય પ્રાપ્ત ન થાય, કે તરત આવા (સાહિત્યનાં) હુનર થકી કમાતા થઈ જવાય. બી.એ.ની ડિગ્રી–ધારકોની ઉપયોગિતા વધારવા માટે આપણે સાહિત્યની વ્યાખ્યા વિસ્તૃત કરવી પડશે. જેથી આ વિસ્તૃત સાહિત્યનાં આધારે તેઓ પણ તેમના અભ્યાસક્રમ થકી અર્થતંત્રને દોડતું રાખવામાં યોગદાન આપી શકે.

જેમ જેમ આપણે સુસંસ્કૃત થતા જઈએ છીએ, તેમ તેમ આપણને વધુ સારા લહિયાઓની જરૂર પડે છે. જેટલું ચોટડુક લખાણ તેટલા સૌ વધુ સંસ્કૃત કહેવાય. તે હિસાબે તો આર્ટ્સની ડિગ્રી–ધારકોનું મૂલ્ય સૌથી વધુ હોવું જોઈતું હતું. પણ હકીકત એથી વિપરીત છે. તેમનું યથાયોગ્ય મૂલ્ય સ્થાપવા માટે તેમના સાહિત્યની પ્રસ્તુતતા વધારવી પડશે. આજનાં પરિપેક્ષ્યમાં આપણને જરૂર છે તે પ્રકારનાં દસ્તાવેજ/સાહિત્ય તેઓ લખે, તો તેમને પણ સારી નોકરી મળવાની શક્યતા વધે. તેને માટે આર્ટ્સના કોર્સનું માળખું બદલવું પડશે.

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

આજનાં સંદર્ભમાં કંઈક આવી ડિગ્રીઓ આપી શકાય :

**– બી.એ. (Scientific / Technical Writing) :** આ વિષય સાથે બી.એ. કરનારને વૈજ્ઞાનિક કે ઇજનેરી અભ્યાસ પત્રો/સંશોધન પત્રો અને વિવિધ મશીનો/સાધનોનાં માહિતી–પત્રકો લખવાની તાલીમ મળેલી હોવી જોઈએ. આપણે આજકાલ જેટલાં ઇલેક્ટ્રિકલ ઉપકરણો ખરીદીએ છીએ તેની–સાથે તેની વાપરવાની રીત દર્શાવતી ચબરખી જે–તે ઉપકરણ સાથે બૉક્સમાં આવે છે. આ માહિતી–પત્રકો લખવાની એક પદ્ધતિ હોય છે. આ પ્રકારનાં ડિગ્રી–ધારકો આવા માહિતી–પત્રક લખવામાં એક્સપર્ટ હોવા જોઈએ. આ માહિતી–પત્રકો વિવિધ ભારતીય ભાષામાં લખાયેલા હોય છે. તેથી જે–તે સ્થાનિક ભાષા (અને જરૂર લાગે તો અંગ્રેજી)નો વર્ગ આ કોર્સમાં ફરજીયાત હોવો જોઈએ. બી.એ. વિથ ગુજરાતી કે ઇંગ્લીશ કરતાં આવો કોર્સ વધુ ઉપયોગી નીવડશે અને અર્થકારણનો ભાગ બનશે તો નોકરીની તકો પણ વધશે. આ સિવાય વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગોનું દસ્તાવેજીકરણ કરવામાં પણ આવી ડિગ્રીઓ કામ લાગશે. તેને સંલગ્ન માસ્ટર્સ કોર્સમાં અભ્યાસ/સંશોધન પત્રો લખવાની તાલીમ આપીને આ દિશામાં લહિયાઓની ફોજ ઉભી કરી શકાય. બારમામાં આર્ટ્સના વિષયો લીધા હોય કે વિજ્ઞાનનાં વિષયો લીધા હોય તે સૌને આ કોર્સમાં એડમિશન મળવું જોઈએ. તે સાથે એક વર્ષનો વિજ્ઞાનનો પૂરક અભ્યાસ કરે તો (પોસ્ટ બી. એ) BScની ડિગ્રી પણ મળવી જોઈએ. PBABSc !!!

**– બી.એ. (Business Document Writing) :** વિવિધ ધંધાઓમાં થતા કરાર અને સોદાઓનો પણ વિધિવત દસ્તાવેજ બનાવવામાં આવે છે. આ દસ્તાવેજ લખવાની તાલીમ આ કોર્સમાં આપીએ તો વેપારી સમાજ આવા ડિગ્રી ધારકોની ખોજમાં રહેશે. બે કંપનીઓના વિલીનીકરણ (merger), કંપનીના દેવાળાનો દસ્તાવેજ, વિદેશી કંપની સાથેના જોડાણનો દસ્તાવેજ કેવી રીતે લખાય તે બધું માસ્ટર્સ કોર્સમાં, શીખવાડી શકાય. MA (Financial Document writing) જેવી ડિગ્રી પણ આના અનુસંધાનમાં હોઈ શકે. આ કોર્સમાં પણ મૂળે તો જે–તે ભાષા પર પ્રભુત્વ હોવું જરૂરી છે અને તેથી જ ભાષાનાં વર્ગો આ કોર્સમાં પણ અનિવાર્ય હોવા જોઈએ. બારમામાં આર્ટ્સના વિષયો લીધા હોય કે કોમર્સનાં વિષયો લીધા હોય તે સૌને આ કોર્સમાં એડમિશન મળવું જોઈએ. અહીં પણ એક વર્ષનો પૂરક અભ્યાસ કરે તો (પોસ્ટ બી.એ) BBAની ડિગ્રી મેળવવાની વ્યવસ્થા હોવી જોઈએ.

**– બી.એ. (Legal Document Writing) :** કોર્ટ–કચેરીની એક અલગ જ ભાષા હોય છે. છાપામાં આવતી Legal નોટિસથી માંડીને, મિલકત લે–વેચના દસ્તાવેજ, લગ્ન–લગ્નવિચ્છેદને લગતાં કાગળિયાં અને આગળ જતાં અદાલતી કાર્યવાહીને લગતા દસ્તાવેજ

બનાવવાનું આ કોર્સમાં શીખવાડી શકાય. દક્ષિણ ભારતની કોર્ટો માત્ર અંગ્રેજીમાં જ દસ્તાવેજ બનાવે છે. તે દસ્તાવેજ અહીં વાપરવાના થાય ત્યારે તકલીફ ઉભી થાય છે, તો અંગ્રેજીમાં લખાયેલા Legal Documents અનુવાદની તાલીમ પણ આ ડિગ્રીધારકોને આપવી જરૂરી છે. અન્ય કોર્સની જેમ અહીં પણ ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ પૂરો કર્યા પછી વધારાના એક વર્ષના અભ્યાસને અંતે PBALLBની ડિગ્રી મળવાની સંભાવના હોવી જોઈએ.

**– બી.એ. (Government Document Writing) :** સરકારી પરિપત્રોની ભાષા તો કંઈક અલગ જ છે. સરકારી ખાતામાંથી બહાર પડતા જાતજાતનાં ફોર્મ, સરકારી યોજનાઓની સમજ આપતા દસ્તાવેજો યોજનાનાં અમલીકરણનાં મુસદ્દાઓ વગેરે બધું સરકારી–સાહિત્યના દાયરામાં આવે. આવા સાહિત્યના સર્જનની તાલીમ આ ડિગ્રીધારકોને આપીને તેમને માટે નોકરીની તકો ઉભી કરી શકાય. અહીં માસ્ટર્સ કોર્સમાં વિદેશી સરકારો સાથેનાં કરારનામાં લખવાની તાલીમ આપી શકાય. એવામાં વિદેશી ભાષાની તાલીમ પણ કામ લાગી શકે.

ઉપરોક્ત બધા કોર્સની ફલશ્રુતિ સાહિત્યનાં દાયરામાં જ આવે છે. આ સૌમાં અર્થોપાર્જનની જબરદસ્ત શક્યતા રહેલી છે. ભાષાકીય જ્ઞાન આ સૌના મૂળમાં છે. તેથી આ દરેક કોર્સ બી.એની મૂળ વિભાવનાને પુષ્ટિ આપે છે.

આ પ્રત્યેક કોર્સમાં કમ્પ્યુટર પર લેખનની તાલીમ પણ અનિવાર્ય હોવી જોઈએ. વિવિધ સ્થાનિક ભાષા કમ્પ્યુટરમાં ટાઈપ કરવા માટે સોફ્ટવૅર ઉપલબ્ધ છે. પણ મુખ્ય મુશ્કેલી અંગ્રેજીની છે. અંગ્રેજીમાં Document ટાઈપ કરવા માટે સૌથી વધારે MS ઓફિસ વપરાય છે. તે (MS ઓફિસ) સોફ્ટવૅર (લાઇસન્સ લઈને ખરીદવું પડતું હોવાથી) મોંઘુ પડે છે. તેથી ઉપરોક્ત અભ્યાસક્રમોમાં મફતમાં મળતા (ઓપન–સોર્સ) સોફ્ટવૅર (જેમ કે લિબર–ઓફિસ) થકી જ અંગ્રેજી Document ટાઈપ કરવાની તાલીમ આપવી જોઈએ. (ભારતની બધી શૈક્ષણિક સંસ્થાઓએ નક્કી કર્યું છે, કે બને ત્યાં સુધી–ઓપનસોર્સ સોફ્ટવેર થકી જ તાલીમ આપવી.

દસ્તાવેજ/રિપોર્ટ/પુસ્તક–પ્રકરણ વગેરે કમ્પ્યુટર પર લખવા માટે વપરાતું અતિ–આધુનિક લેટેક્સ નામનું સોફ્ટવૅર પણ ઓપન–સોર્સ છે. એટલે કે, એનાં વપરાશ માટે અલગથી લાઇસન્સ લેવાની કે ફી આપવાની જરૂર નથી. આવા સોફ્ટવેર થકી લખવાની તાલીમ ઉપરના બધા કોર્સમાં અપાય તો બી.એ.ની પણ બોલબાલા થઈ જાય.

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

સમાજમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે વેપારી મનોવૃત્તિવાળા, પૈસાદાર લોકો સેલ્ફ–ફાઇનાન્સ ઇજનેરી કૉલેજો ખોલીને ધૂમ કમાણી કરે છે. આપણે આશા રાખીએ કે, આવા કોઈ સજ્જન ઉપરોક્ત કોર્સ ભણાવે એવી બી.એ.ની ડિગ્રી આપતી સેલ્ફ–ફાઈનાન્સ કોલેજ ખોલે અને તેમાંથી ધૂમ કમાણી કરે.

સેલ્ફ–ફાઇનાન્સ કૉલેજને ખાટલે મોટી ખોડ એ છે કે, ચકમકતું બિલ્ડીંગ અને હારબંધ કમ્પ્યુટર તો ગોઠવી દેવાય છે પણ ફેકલ્ટી એટલે કે માસ્તરો સસ્તા ભાવનાં અને કામચલાઉ રાખવામાં આવેછે. ઓછા અનુભવવાળા અને શિખાઉ માસ્તરોને પગાર ઓછો આપવો પડે પણ તેથી શિક્ષણની ગુણવત્તાને અવળી અસર થાય અને તેથી કેમ્પસમાંથી નોકરીની ઓફર આપે તેવી કમ્પનીઓ પણ ઓછી જ આવે છે. તે કૉલેજની વેલ્યુ એટલી ઓછી જ અંકાય.

**સાવધાન :**

૧) (સેલ્ફ–ફાઈનાન્સ કોલેજ ખોલીને કમાવાની પેરવી કરતા વેપારીઓ જોગ) : જો સારામાં સારી ફેકલ્ટીમાં ઈન્વેસ્ટમેન્ટ ના કર્યું તો બી.એ.ની ડિગ્રી આપતી સેલ્ફ–ફાઈનાન્સ કોલેજનો પ્રથમ પ્રયોગ નિષ્ફળ જવાની પાકી ગેરન્ટી છે. કોલેજમાં રોકેલા પૈસા માથે પડશે. વિદ્યાર્થીઓ માટે પાછું બધુ જેવું હતું તેવું થઈ જશે. કમાવા માટે તદ્દન નકામા નીવડેલા, જરી–પુરાણા બી.એ.ના કોર્સ પાછા ભણવાનો વારો આવશે.

૨) (સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં એડમિશન ઈચ્છુક વિદ્યાર્થીનાં વાલી જોગ) : આખા કોર્સ દરમિયાન તમે કોલેજને જેટલું ચુકવણું કર્યું, તેટલી વાર્ષિક આવકવાળું પેકેજ જો કેમ્પસ ઈન્ટરવ્યૂમાં ઓફર ન થાય તો તે કોર્સ અને તે કોલેજમાં એડમિશન લેવું નિરર્થક છે. દા.ત. તમે આઠ સેમિસ્ટરવાળા ઈજનેરી કોર્સમાં એડમિશન લેવા ગયા અને કોલેજ સેમેસ્ટર દીઠ ૫૦,૦૦૦/– રૂપિયા ફી પેટે લેતી હોય તો તે સંસ્થામાં ઈજનેર વિદ્યાર્થીઓને કેમ્પસ પ્લેસમેન્ટમાં ચાર લાખનું પેકેજ ઓફર થાય છે કે નહીં તે જાણી લેવું. જો ગયા વર્ષે વાર્ષિક ચાર લાખના પગારવાળી નોકરીની ઓફર થઈ હોય તો જે તે ઈજનેરી કોર્સમાં અને જે તે કોલેજમાં એડમિશન લેવાય. નહીંતર શિક્ષત બિરોજગારીની લાઈનમાં ઊભા રહેવાની તૈયારી રાખવી પડે અને કોલેજને આપેલી લાખ્ખોની ફી ચોક્કસ માથે પડે.

**-- ડો. સોરમ કોટિયા, વડોદરા,**
**મો. ૯૪૨૬૮૦૬૧૫૨**

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

## શ્રીજી કાજે પ્રાણની બાજી



શ્રીજી બાવા શ્રી ગિરિરાજજી પર્વત પર લગભગ ૨૦૦ વર્ષ બિરાજયા છે. આ દરમ્યાન પોતાના સ્વરૂપ બલથી ઘણા જીવોને પ્રેમ–આનંદ અને ભક્તિનું દાન કર્યું છે. આ અનુગ્રહીત જીવોમાં એક હતા અજબકુંવર. તેઓ ઉદયપુર રાજયના રાજઘરાનાના સભ્ય હતા.

શ્રી ગુસાંઈજીના સમયમાં ઉદયપુરના મહારાણા ઉદયસીંહજી હતાં. મોગલ બાદશાહો ઉદયપુર રાજ્ય જીતવા સતત લશ્કર હુમલા કરતા આથી રાણા ઉદયસિંહ કુટુંબ સાથે સિંહાડ ગામ (હાલનું શ્રીનાથદ્વારા) માં રહેતા હતા.

એક વાર શ્રી ગુંસાઈજી ગુજરાત તરફ પધારતા હતા. રસ્તામાં સિંહાડ ગામમાં મુકામ કર્યો. ઉદયસિંહજીને આ સમાચાર મળ્યા. આથી સહકુટુંબ શ્રી ગુંસાઈજીના દર્શન કરવા આવ્યા – મીરાબાઈ આ કુટુંબમાં જ પરણેલાં. તે પણ તે વખતે સિંહાડ રહેતા.

અજબકુંવર મીરાભાઈના દેરાણી હતાં. બાળ વિધવા હતાં. તે પણ આ કુટુંબની જ વહુ હતાં. અજબકુંવરે શ્રી ગુસાંઈજીનાં દર્શન કર્યાં. સેવક થયા. શ્રી ગુસાંઈજીએ રંગીલા શ્રીનાથજીની ઘણી રસીલી વાતો અજબકુંવરને કહી. હવે અજબકુંવરને શ્રીનાથજી બાવાના દર્શનની ખૂબ જ આર્તિ થતી પણ જઈ શકતાં નહીં આથી વારંવાર બેભાન થઈ જતાં.

અજબકુંવર રાજઘરાનાના વહુ – ચોપાટ સરસ રમે, આ ભકત પર અનુગ્રહ કરવા શ્રીનાથજી બાવા બળદ જોડેલા રથમાં બિરાજી સિંહાડ પધાર્યા. આ ભકતને દર્શન આપ્યા તેની સાથે ચોપાટ પણ રમ્યા. સાંજ પડતાં જ શ્રીજીબાવા વ્રજમાં પાછા પધારવા ઉભા થયા. તેમને રોકવા અજબકુંવર શ્રીજીનો વાઘો પકડી લીધો.

શ્રીજી એ કહ્યુ – 'હમણાં હું રોજ બપોરે ચોપાટ રમવા આવીશ. થોડાં વર્ષો પછી અહીં કાયમ તારા ઘરમાં જ બિરાજીશ.'

શ્રી ગુસાંઈજી મહારાજ ભૂતળ પર બિરાજયા ત્યાં સુધી શ્રીજીબાવા શ્રી ગિરિરાજજી પર્વત પર જ બિરાજયાં. અજબકુંવરને ત્યાં જઈ ચોપાટ રમી પાછા પધારી જતા.

શ્રી ગુસાંઈજી નિત્યલીલામાં પધાર્યા પછી શ્રીજીબાવાએ અજબકુંવરને આપેલા વચનને પાળવાનું વિચાર્યું. આ વખતે ગુંસાઈના સૌથી મોટા પુત્ર શ્રી ગિરિધરજીના વંશજ શ્રી દાઉજી (શ્રી દામોદરજી) ગાદીપતિ હતાં. તેમની ઉંમર ૧૫ વર્ષની હતી. આથી તેમના

કાકા શ્રી ગોવિંદરાયજી શ્રીનાથજીના મંદીરનો બધો વહીવટ કરતા.

આ સમયે દિલ્હીમાં ધર્માંધ અને ઝનૂની ઔરંગઝેબ રાજય કરતો હતો. તેની બે નેમ હતી હિંદુ મંદીરો તોડો અને બધાંને મુસલમાન બનાવી દો. આથી તેના લશ્કરે ચારે બાજુ ત્રાસ ફેલાવી દીધો. મથુરામાં શ્રી કેશવરાયજીનું ઘણુ જૂનું અને જાણીતું મંદીર તોડયું. વ્રજમાં હાહાકાર મચી ગયો.

મથુરાથી સૈન્ય ગૌકુળ આવ્યું. તેના સેનાપતિએ શ્રી ગોવિંદરાયજીને કહ્યું તમે ગોસ્વામી છો તો કોઈ ચમત્કાર બતાવો. ચમત્કાર જોઈશ તો મંદીર નહીં તોડુ. પૃષ્ટિમાર્ગમાં ચમત્કાર ને કોઈ મહત્વ અપાયું નથી. શ્રી ગોવિંદરાયજી વિમાસણમાં હતાં ત્યારે શ્રીજીબાવાએ આજ્ઞા કરી જે બને છે તે મારી ઈચ્છાથી બને છે મારે અજબકુંવરની ઈચ્છા પૂરી કરવા સિંહાડ પધારવું છે તેથી મેં જ આ લીલા કરી છે. તમે મને રથમાં પધરાવી અહીંથી નીકળી જાઓ.

શ્રીજી બાવાની આવી ઈચ્છા અને આજ્ઞા થઈ. શ્રીજીબાવા રથમાં બિરાજયા. વ્રજ છોડયું. આ દિવસ હતો વિ.સં. ૧૭૨૬ના આસો સુદ ૧૫ ને શુક્રવાર.

શ્રીજી બાવાના પધારી ગયા પછી મોગલ સેનાપતિ ૨૦૦ સૈનિકો સાથે લઈ ગોવર્ધન આવ્યો. તે તો મંદીર તોડવા આવ્યો હતો. ત્યાં શ્રીજીના બે વ્રજવાસી સેવક હતા. એકનું નામ સેવક. બીજાનું સુભદ્ર. પ્યારથી બધા સેવકને સવો અને સુભદ્રને સભો કહેતા. આ બંનેએ નક્કી કર્યું કે આપણે જીવતા હોઈએ ત્યાં સુધી આ મુસલમાન લશ્કરને પર્વત ઉપર પગ ન મૂકવા દેવો.

લશ્કર છેક આન્યોર સુધી આવ્યું. પર્વત પરના મંદીરની સાત ધજાઓ દેખાતી હતી. મુસલમાન સૈનિકો આક્રમણ કરવા તૈયાર થયા. સેવા અને સભાએ તેમને લડવા લલકાર્યા અને આ બંને વ્રજવાસી મોગલ લશ્કર પર તૂટી પડયા ઘણા સૈનિકો મરાયા. ઘણા ઘવાયા. બાકીના ઉભી પૂંછડીએ ભાગયા સેનાપતિ પકડાયો પણ તેને જીવતો જવા દીધો અને કહ્યા તારા બાદશાહને કહેજે ફરી અહીં આવવાની હિંમત ન કરે.

થોડા દિવસ પછી સેનાપતિ મોટુ લશ્કર લઈ પાછો આવ્યો ફરી તેમની સાથે લડવા સેવો અને સભો તૈયાર થયા. આ વખતે શ્રીજીબાવા તેમની પાસે પધાર્યા. (આ વખતે શ્રીજીએ વ્રજ તો છોડી દીધું હતું પણ પ્રભુ સર્વ સમર્થ છે એટલે સ્વતઃ આ બંને વ્રજવાસી આગળ પ્રકટ પધાર્યા. શ્રીજી આજ્ઞા કરે છે હું તમારા બંને પર ઘણો પ્રસન્ન છું પણ તમારુ પરાક્રમ ન બતાવશો આ મુસલમાનો મારા મંદીરને કંઈ કરી શકશે નહીં.

લશ્કર આન્યોર આવ્યુ પણ હવેતેમને પર્વત ઉપર મંદીર જ દેખાયુ નહીં. નિરાશ

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

થયેલા લશ્કરે લડાઈ તો કરી. લડતા લડતા ઘવાયેલા સેવા અને સભાએ શ્રીજી કાજે પ્રાણ આપી દીધા.

સાચુ જ કહ્યુ છે કે – **'હરિનો માર્ગ છે શૂરાનો નહીં કાયરનો કામ જોને,પરથમાં પેલા મસ્તક મૂકી વળતી લેવુ નામ જોને'.**

શ્રીનાથદ્વારામાં આજે પણ એ રથના દર્શન થાય છે જેમાં બિરાજી પ્રભુ અજબકુંવરના મહેલમાં પધારતાં હતાં. આજે પ્રભુ અજબકુવરનાં મહેલમાં જ ચાર ચોકના મંદિરમાં બિરાજી ભક્તોને આનંદ આપી રહયા છે.

આ લેખ પ.ભ. શ્રી રમેશભાઈ પરીખની આડીથી શક્ય બન્યું છે. અઅ લેખ શ્રીજી કાજે પ્રાણની બાજી લગાવનારા સેવા અને સભાને નિવેદીત કરું છું.

**– ડો. પિયુશ પરીખ, ભરુચ–પાટણ**

**મો. ૯૮૨૫૦૪૪૩૭૦**

**શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા**

સંસ્થાને દામીનીબેન વિજયકુમાર શાહ, માંજલપુર, વડોદરા તરફથી માતાજી માટે ૧ સાડી ભેટ કરવામાં આવેલ છે. – **શ્રી વાયુદેવતા મંદીર, વડોદરા**

**-- Revised rates for Diwali Issue --**

1. Single Colour Full Page Rs. 650/-
2. Single Colour Half Pare Rs. 350/-
3. Multicolour Page No. 2 & 3 Rs. 2000/-
4. Multicolour Page No. 4 Rs. 3000/-
5. Multicolour Inner Page Rs. 1500/-

**-- Revised Rates for Regular Issue --**

1. Full Page Rs. 400/- Single colour
2. Half Page Rs. 200/-
3. Cover Page no. 2 & 3 (multicolour) 10000 for 10 issues except Diwali Issue.
4. Cover Page No. 4 Rs. 15000/- (Multicolour) for 10 issues except Diwali Issue.
5. Matrimonial Ad. Free
6. Penal Advt. Rs. 800 Per Year

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

**ભુજ જ્ઞાતિના શ્રીજી મહિલા મંડળ** દ્વારા ભુજમાં વૃંદાવનનગર ખાતે જ્ઞાતિજનો માટે ૩ જુલાઈ, ૨૦૨૧ના રોજ સવારે ૧૧ થી ૨ વાગ્યા દરમ્યાન રસીકરણનો કાર્યક્રમ યોજાયો. ઘણી બધી અડચણો બાદ આ કાર્યક્રમ પૂર્ણ થયો. **લગભગ ૫૦+ જ્ઞાતિજનોએ લાભ લીધો.**

કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી માધવીબહેન મેહુલભાઈ શાહ અને કારોબારી મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

**– તંત્રી**

## Matrimonial

Name : Nishi Parikh

Birth Date : 16-07-1997

Height : 5’3”

Weight: 60 Kgs

Qualification : B.Sc. (Chem) - Gold Medalist
M.Sc (Chem) - Silver Medalist
Ph.d. - Persuing from PDPU University

Contact Details : Hiral Parikh

M. No : 98253 79313

E-Mail id : nishiparikh97@gmail.com
mehul.parikh69@gmail.com

-------------------------------

અમદાવાદસ્થિત જન્મ તારીખ : ૨૪–૦૩–૮૯, B. Tech (E.C), જર્મન કંપનીમાં નોકરી કરતાં યુવક માટે યોગ્ય યુવતીના વાલીઓ તરફથી પત્રવ્યવહાર બાયોડેટા આવકાર્ય છે. E-Mail : pratik.shah243@gmail.com

M. No.: 94285 58159, 93283 11711

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## Shree vayada vanik seva trust

## APPLICATION FOR FINANCIAL ASSISTANCE FOR EDUCATION

| | |
|---|---|
| Student's Name<br>વિદ્યાર્થીનું નામ | |
| Residential Address<br>રહેઠાણનું સરનામું | |
| Age / વિદ્યાર્થીની ઉંમર | |
| Standard / Semester Studying<br>અભ્યાસનું વર્ષ / સેમિસ્ટર | |
| Under going course (for higher Study only) કોર્સનું નામ | |
| School / College / Institute Name and Address<br>સ્કૂલ/સંસ્થાનું નામ તથા સરનામું | |
| Grade /(%) obtained in Last Exam<br>ગત પરીક્ષામાં મેળવેલા માર્ક્સ | |
| School / College / Institute Fees (Annual) / સંસ્થાની ફી (વાર્ષિક) | |
| Private Class / Tution Fees (Annual)<br>ટ્યુશન ફી (વાર્ષિક) | |
| Study Material Cost (Annual)<br>વાંચન સાહિત્યની કિંમત | |
| Seminar / Conference Fees (Annual) / સેમીનાર- કોન્ફરન્સ ફી | |
| Total education cost (Annual)<br>વાર્ષિક કુલ ખર્ચ | |
| Father's Name & Age<br>પિતાનું નામ - ઉંમર | |
| Father's occupation<br>પિતાની આર્થિક પ્રવૃતિ | |
| Mother's Name and Age<br>માતાનું નામ - ઉંમર | |

'દ્દષ્ટિ આઈ ક્લિનિક' - ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

| | |
|---|---|
| Mother's occupation<br>**માતાનો વ્યવસાય** | |
| No. of Brother and Sister<br>**ભાઈ – બહેનોની સંખ્યા** | |
| Annual Income of Family (INR)<br>**કુટુંબની વાર્ષિક આવક** | |
| Phone No. (M) / ફોન નં. (મો.) | |
| Email ID / ઈ–મેલ આઈ ડી : | |
| Financial Assistance received from other sources (INR)<br>**બીજી કોઈ સંસ્થા તરફથી આર્થિક મદદ મળી હોય તો તેની વિગત** | |
| Financial Assistance Required (INR) જરૂરિયાતની રકમ : | |
| અરજદારની સહી (Sign of Applicant) | |

સૌ જ્ઞાતિજનોને વિદિત થાય કે શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપક્રમે પાછલા અમુક વર્ષોથી શિક્ષણને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે અને તે અંતર્ગત શિક્ષણ માટે નાણાકીય સહાય (પાત્ર હોય તેવા જ્ઞાતિજનો માટે) પૂરી પાડવામાં આવે છે. આ વર્ષે પણ આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે. આ અંગે નાણાકીય સહાય જરુરી હોય તેવા જ્ઞાતિજનો ઉપર મુજબનાં ફોર્મમાં અરજી મોકલી શકે છે. નાણાકીય સહાય ઉપરાંત જ્ઞાન સાથે અનુભવની જરુરિયાત પણ પૂરી પાડવાનો હેતુ છે. જે જ્ઞાતિજનોને આ અંગે મદદની જરુર હોય તેઓ પણ પોતાની અરજી મોકલી શકે છે.

**અરજી મોકલવાનું નામ અને સરનામું :–**

**શ્રી સુનીલભાઈ આર. શાહ :** બી–૨૦૧, શિરોમણી રેસીડેન્સી, નેહરૂનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૩૮૦૦૧૫. મો.નં.: ૯૮૨૫૦૪૬૨૮૨

**શ્રી મેહુલભાઈ એસ. શાહ :** ૨, એમ્બીયન્સ એપાર્ટમેન્ટ, ૮, નવયુગ સોસાયટી, સ્ટેટ બેંક ઝોનલ ઓફીસ પાસે, નેહરૂનગર, અમદાવાદ–૧૫ મો.: ૯૮૨૫૪૩૧૬૬૬

ઉપર જણાવેલ પ્રવૃત્તિઓ સદરહુ ટ્રસ્ટના નીતિ નિયમોને આધીન રહેશે. સમિતિ નીતિ નિયમો ને આધીન નિર્ણય લેશે અને સમિતિનો નિર્ણય આખરી રહેશે. તમામ માહિતી ખાનગી રહેશે.

**– શશાંકભાઈ આઈ શાહ, પ્રમુખ**

## વિશા વાયડા વણિક પંચ – ભરૂચ

ભરૂચ ખાતે બંધાનાર વાયડ માતાજીના મંદિરમાં જુન મહિનાના વાયડામિત્રમાં તા. ૨૨–૫–૨૦૨૧ સુધી આવેલ ભેટની યાદીના ફળસ્વરૂપે અન્ય દાતાઓએ પોતાનો ફાળો બેંકમાં જમા કરાવ્યો છે. અમદાવાદ ખાતે મહેન્દ્રભાઈ ચોકસીએ વાયડા વણિક સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી શશાંકભાઈ શાહ, ઉપ–પ્રમુખ શ્રી સુનિલભાઈ શાહ તથા વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાના પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ પરીખ સાથે તબક્કાવાર–વિગતવાર મંદિર અંગે વિસ્તૃત ચર્ચા કરી યોગ્ય સહકાર આપવા જણાવ્યું હતું. જેના ફળસ્વરૂપે સંસ્થાનવતી તથા અંગત ભેટ આપવા જણાવ્યું હતું. અન્યોએ પણ મદદ માટે હાથ લંબાવ્યો હતો. તે તમામનો ભરૂચના ટ્રસ્ટીશ્રીઓ તથા જ્ઞાતિજનો ભેટનો સહર્ષ સ્વીકાર કરી હૃદયપૂર્વક આભાર માને છે. મળેલ ભેટની યાદી નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| કમલેશભાઈ કે. મારફતીયા | અમદાવાદ | ૫૦૦૦/– |
| અશોકભાઈ ડી. તોલાટ | અમેરીકા | ૨૫૦૦૦/– |
| અમિતાબેન દીપકભાઈ શાહ | વડોદરા | ૧૧૦૦૦/– |
| સ્વ. મુગટલાલ ઠાકોરલાલ નગરશેઠ<br>હ. વસંતીબેન શાહ | વડોદરા | ૫૦૦૦/– |
| વર્ષાબેન પિયુષકુમાર શાહ | વડોદરા | ૫૦૦૦/– |
| જયકુમારભાઈ હસમુખલાલ શાહ | વડોદરા | ૫૦૦૦/– |
| વિક્રમભાઈ જયકૃષ્ણભાઈ શાહ | વડોદરા | ૫૦૦૦/– |
| મયંકભાઈ જયકૃષ્ણભાઈ શાહ | વડોદરા | ૫૦૦૦/– |
| ડો. ગૌરાંગભાઈ જયકૃષ્ણભાઈ શાહ | વડોદરા | ૫૦૦૦/– |
| સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ<br>હ. સુભાષભાઈ એમ. શાહ | અમદાવાદ | ૫૦૦૦/– |
| સ્વ. ચંપાગૌરી મધુકરભાઈ શાહ<br>હ. સુભાષભાઈ એમ. શાહ | અમદાવાદ | ૫૦૦૦/– |
| સ્વ. ગીરાબેન મધુકરભાઈ શાહ<br>હ. સુભાષભાઈ એમ. શાહ | અમદાવાદ | ૫૦૦૦/– |

| | | |
|---|---|---|
| પિયુષભાઈ મધુકરભાઈ શાહ | અમદાવાદ | ૫૦૦૦/– |
| સ્વ. જયંતિભાઈ બાલુભાઈ પરીખ તથા સ્વ. મેનાબેન જયંતિભાઈ પરીખના સ્મરણાર્થે હ. માધવીબેન વિપુલભાઈ પરીખ | અમદાવાદ | ૨૫૦૦૧/– |
| ઉદયભાઈ જી. શાહ | ભરૂચ | ૧૦૦૦૦/– |
| સ્વ. કાંતિલાલ રતિલાલ ચોકસીના સ્મરણાર્થે હ. હેમાંગભાઈ | ભરૂચ | ૬૦૦૦/– |
| સ્વ. શોભનાબેન જીતેન્દ્રભાઈ શાહ ના સ્મરણાર્થે હ. જીતેન્દ્રભાઈ એમ. શાહ | અમદાવાદ | ૫૦૦૦/– |
| સ્વ. પ્રભાલક્ષ્મીબહેન મોહનલાલ પરીખના સ્મરણાર્થે તેમના ટ્રસ્ટીઓ તરફથી | અમદાવાદ | ૨૫,૦૦૦/– |
| વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા | વાયડ | ૫૧,૦૦૦/– |
| શ્રી રસિકલાલ લલ્લુભાઈ શાહ પરિવાર | અમદાવાદ | ૧૫,૦૦૦/– |
| ઉમાકાંતભાઈ જેઠાલાલ પરીખ | અમદાવાદ | ૧૫,૦૦૦/– |
| રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ | અમદાવાદ | ૨૫,૦૦૦/– |
| સ્વ. ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ હ. શશાંકભાઈ આઈ. શાહ (બાળકોના શિક્ષણ માટે) | અમદાવાદ | ૨૫,૦૦૦/– |
| સ્વ. ભૂપેન્દ્રભાઈ ડાહયાભાઈ મહેતા પરિવાર તરફથી હ. ભરતભાઈ બી. મહેતા | અમદાવાદ | ૨૧,૦૦૦/– |

મંદિરમાં વાયડ માતાજીની મૂર્તિ જ્ઞાતિના વયોવૃધ્ધ શ્રી યશોવર્માભાઈ રમણલાલ તોલાટ તરફથી પધરાવવામાં આવનાર છે. જેનો ઓર્ડર તેમણે જયપુર આપ્યો છે. જ્ઞાતિ તેમનો આભાર માને છે. મંદિરનું બાંધકામ દિવાળી સુધીમાં પૂર્ણ થાય તે પ્રયત્નો કરવામાં આવે છે.

અંતમાં ભરૂચ તથા બહારગામ વસતા જ્ઞાતિજનોને મંદિરના બાંધકામમાં યોગ્ય સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે. ફાળો જમા કરાવવા અંગે બેંકની વિગતો નીચે આપવામાં આવી છે જેમાં આપ ફાળો જમા કરાવી શકો છો.

## વિશા વાયડા વણિક પંચ

Visha Vayda Vanik Panch

Bank of Baroda, Bharuch Main Branch

A/c. No. 02200100025895

IFSC Code : BARB0BROACH (fifth character is zero)

**Trustee Names**

**મહેન્દ્ર આર. ચોક્સી : ૯૮૯૮૦૨૬૦૪૫**

**વિપુલ ચીમનલાલ દલાલ : ૯૮૨૪૦૫૨૨૩૨**

**હેમંત આર. મારફતીયા : ૯૮૨૫૦૨૬૦૦૭**

**આસિત વાય. તોલાટ : ૯૮૨૪૪૬૩૬૧૩**

**RECEIPTS TILL 26 JUNE, 2021**

| R.No. | Person name | Amt. | Towards which |
|---|---|---|---|
| 8. | NIRAV UPENDRA SHETH | 400 | ADVERTISEMENT |
| 9. | MAHENDRABHAI MOHANLAL SHAH | 1001 | MEMBERSHIP INCOME |
| 10. | TUSHAR SHAH | 400 | ADVERTISEMENT |
| 11. | AMISH MANUBHAI PARIKH | 1600 | PENAL ADV. |

FOLLOWING ENTRIES ARE FOUND IN SAMAJ BANK STATEMENT BUT WE CAN'T TRACE WHO HAS TRANSFERRED MONEY SO WE REQUEST TO GIVE INFORMATION FOR THAT

Date : 25/5/2021 --- Rs. 1500/-

Date : 29/5/2021 --- Rs. 400/-

– **વ્યવસ્થાપક**

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

**અવસાન**

ભરૂચ : વલ્લભદાસ રંગીલદાસ બનાતવાલાના પુત્રી અ.સૌ. નીલાબેન ઉપેન્દ્ર ચંદ્રવદન શેઠ, ઉ. વર્ષ ૭૨, તા. ૨૫–૫–૨૧નાં રોજ.

રાજકોટ : દેવિયાનીબહેન નિરંજનકુમાર મોદી, ઉ. વ. ૭૯, તા. ૧૮–૪–૨૧નાં રોજ.

મુંબઈ : તરલાબેન જીતેન્દ્રભાઈ કિનખાબવાલા, ઉ. વ. ૯૦, તા. ૧૦–૬–૨૧ ના રોજ.

જો વાયડામિત્ર ૨૫મી તારીખ સુધી ન આવે તો વ્યવસ્થાપક શ્રી હર્ષ નિખીલ પરીખ (મો. ૯૪૨૭૯ ૫૪૯૬૮) ને વોટ્સ અપ દ્વારા અથવા મેસેજ દ્વારા જ જાણ કરવી. ફોન ન કરવો. મેસેજમાં પોતાનુ હાલનું સરનામું અવશ્ય લખવું. **– તંત્રી**

## સુવિચાર

- ધર્મ કોને કહેવાય? પરિણામ પામે તે ધર્મ. જે ધર્મથી ક્રોધ, માન, માયા, લોભ ઓછા થતાં થતાં નિર્મૂળ થાય, તે ધર્મ.
- સંસાર નથી નડતો, તારી 'આડાઈઓ' ને 'અજ્ઞાનતા' જ નડે છે.
- 'જ્ઞાની પુરુષ' પાસે બધાં ધર્મોનો સાર હોય.
- લઘુતમ ભાવમાં રહેવું અને અભેદ દૃષ્ટિ રાખવી,
- બુદ્ધિથી મારેલા નું પાપ, તલવારથી માર્યો કરતાં વધારે છે.

★★★

## શ્રધ્ધાંજલિ



**સ્વ. અમરીશભાઈ લક્ષ્મીકાંતભાઈ પરીખ**

**શ્રીજી ચરણ : તા. ૨૫-૬-૨૧ ને જેઠ વદ - એકમને શુક્રવાર**

પરમ કૃપાળુ પરમાત્માં તેઓશ્રીના દિવ્ય આત્માને ચીર શાંતી અર્પે તેવી પ્રભુ પ્રાર્થના.

વિરલ પરીખ : ૬૩૫૯૪ ૯૪૯૩૯

વિજયભાઈ પરીખ : ૯૯૦૯૯ ૨૫૪૯૮

ભરતભાઈ પરીખ : ૯૮૯૮૦ ૨૧૭૯૯



Goloknivasi

**Krishnakant Narsinhlal Parikh,**

Forever

(Patan-Vadodara-USA)

June 8th, 1921 - October 15th, 2005

**100th Birthday Celebrations**

**Krishnakant Narsinhlal Parikh**

**Parivar**

Years have passed by,
Memories are still fresh,
Our love for you will never regress.

You taught us values,
You taught us respect,
You guided us through,
You were the best.

You taught us by your example,
The value of hard work, good judgment,
Courage and integrity,
We wonder if we ever thanked you,
For the sacrifices you made,
To let us have the very best.

Proud you would be,
Of the extended PARIKH clan,
We tried to instill in them,
Your values as much as we can.

We are thanking you now,
And we are hoping you knew all along,
How much you meant to us,
And how much we cared.

For all the times you supported us,
With love and strength,
**THANK YOU.**
For all The Times we forgot to say,
**WE LOVE YOU.**





### Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021 Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021

પ્રકાશન ૧૦/૭/૨૦૨૧



ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH